કીમત બાર આના.

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

ચૌટામાં વેચાએલી

કામાવતી રાણી.

પ્રગટ કરનાર તથા વેચનાર.

મેહેતા. કાશીરામ જેભાઈ પુસ્તકાલય

ભરૂચ.

બુકસેલર. છોટાલાલ હરીભાઈ જોશી.

અંકલેશ્વર.

ચૌટામાં વેચાયેલી

કામાવતી રાણી.

પ્રથમ ગણપતી સમરૂં, પ્રેમે લાગુ પાય,
ચરિત્ર કહું કામાવતી, તું જ ગતિ આપે માય;
કનક દેશ કનક નગર, કામસેન રાજન,
તેને સેનાની સંખ્યા નહી, ને શાનમેં છે પરધાન.
કનકાવતી ગેર બારજન, કામાવંતી કન્યાય,
રૂપ કળા ગુણ ચાતુરી, સકળ કળા ગુણ ભંડાર.

ચોપાઈ.

રૂપ વિચિત્ર કન્યા સોય,
જોતાં ન મળે આવી કોય;
ત્રણ ભુવનમાં સુર કન્યા રહી,
તે સરખી કોઈ ભુવનમાં નહી.
મુકમ સરખા છે બેઉ ગણું,
પદમ પડે ચાલતાં ઘણું;
નયનમણી જોતાં દન સમાન,

કાયા કનક જેશી રગવાન;
પગ પાની બેઉ કુંકુમ રંગ,
કેળ સ્થંભ જેવા બેઉ જંઘ.
સહીલંકી શોભે સુંદરી,
નાભી કમળ શોભા અતિ ઘણી.
પુરણ ગુણ બત્રીશ લક્ષણી,
ભુજ બેઉ ગજ સુંઢ સમાની;
પોંહોચા ચંપક ફુલ નીધાંન,
આંગળી પુષ્પ કમળની જાણ.
હાથે રેખા રહીતે હશી,
અધુર રંગ પરવારી જશી.
દાંત જાણે ડાડમની કળી,
રાતા રંગમાં રહે ઝળહળી;
કર, નાશિકા, તેલની ધાર,
મુક્તાફળ શોભે ઉરહાર.
કરણ કપોળ કુંભસ્થળ સાર,
લીલવટ રેખા મધે વીશાળ;
મધે તીલક મનોહર જડ્યું,
શાશીએરવીનેજાણીઆંઅજનપડ્યું.
મસ્તક કમળ સરખુ પ્રમાણ,
વેણુ વાસુકી સરખી જાણ.

ચાલ ચાલે જેથી ગજ ગતી,
અતિ સુંદર તે કામાવતી.
બાર દશ વર્ષે શોભે સહી,
આ કંથ જોગ વર થઈ.
પુરથી પછી ચાલ્યો ભાટ,
કન્યા કીરતી કરે મૂખ પાઠ,
ચંદ્રાવતી પુર આવ્યો જાણ,
ચત્રસેન જ્યાં ચતુર સુજાણ.
તે આગળ બહુ કીરતી કરી,
કામાવતીના ગુણ વિસ્તરી.
ભાટ વચન સાંભળીયું એવ,
રાજા મોહ પામ્યો તતખેવ.

પુરવણાયો.

સાંભળ તું પૃથ્વીપતી, ચિત્રસેન મહારાજ,
ત્રણ લોક માંહે એવી નથી, એવી અબળા આજ.
રૂપ અદ્‌ભૂત કામાવતી, સકળ શીરોમણ માન.
તું સંગે શોભે સહી, કન્યારૂપ નિધાન.
ભાટ વચન એવું સાંભળી, મોહ પામ્યો તે રાય,
કન્યા કઈ પેરે મળે, રાજાએ રહ્યું નવ જાય.
પૂર્વે કને સુણી હતી, કામસેનની જાત.
તે નારીને પરણવા, વીર ધરતો મન સાથ.

તતક્ષણ ત્યાં તેડાવીઆ, બુદ્ધિસાગર પ્રધાન.
કન્યા હેત જાવો તમો વેહે વાધ્યો રાજન.
જા શેવક વેગે કરી, કનકપૂર જ્યાં હોય.
કામશેન રાજા તણી, કન્યા લાવો સોય.
જે માગે તે આપજો, વચન કરો પ્રમાણ.
કોટી ઉપાય કરી લાવજો, કન્યા રૂપ નીધાન.

ચોપાઈ.

એવાં વચન સુણી પરધાન,
શીરનામી ચાલ્યો બુધનિધાન;
અનંત ધંન તે આપ્યું રાય,
છડા ચારજણ સાથે જાય.
એક માસે ત્યાં પોહોચ્યા જઈ,
કનકનગર ત્યાં આવ્યું સહી;
પુરસમીપે એક વાડી હતી,
ત્યાં જઈને ઉતર્યો બુધપતી.
સુકી વાડી ત્યાં સહુ કોઈ ફુલી,
ત્યાંહાં આવી માલણ ખોખલી;
સુકાં કાષ્ટ લેવાને કાજ,
ફુલ પત્ર રાખુ ઝાંટા તાજ.
તે બુધસાગરને પગલે કરી,
સુકી વાડી તે સહુ ફુલી;

માલણુ તહીં આવી જેટલે,
દેખી અચરજ થઈ તેટલે.
ઘણા કાળની સૂકી જેહ,
લીલી વાડી દીઠી તેહ;
કુંપ જૂએતો ઉદકે ભર્યો,
શહાકાળનો રાશો ધર્યો.
ગંગાજળ સરખું તે વાર,
દેખી અચરજ પામી નાર;
નાહાના બપૈયા બોલે મોર,
પોપટ સૂડા ચંચચકોર.
એવું દેખીને અચરજ થાય,
વળી જોવા આઘેરી જાય;
તવ દ્રષ્ટે દીઠો ત્યાં પરધાન,
જાણે ઉગ્યો પ્રતક્ષ ભાણ.
તતક્ષણુ ઉઠી બેઠો રાય,
તવ માલેણ જઈ લાગી પાય;
સ્વામી તું કોણુ કારણુરૂપ,
અથવા છો કોઈ પ્રથ્વી ભૂપ.
તમ પગલે ભૂજવાડી જેહ,
સૂકાં કાષ્ટ ફળ્યાં શહુ તેહ;
બે ચારે કહ્યા કરો આજ,

મુજ મંદીર પધારો મહારાજ.
એવું સુણી પુન્યસાગર જેહ,
માલેણુ ઘેર ઉતરીયો તેહ;
અનેક પેર તેને દીધાં માન,
શેવા ઘણી કરી પરધાન.
આવ્યો છું હું કારણ કહું,
માલણ તું સાંભળજે સહુ;
તમ રાજાની પુત્રી જેહ,
મુજ મહીપતી ઇચ્છે છે તેહ.
તે અરથે હું આવ્યો અહીં,
કઇ પેરે કન્યા પામું સહી;
જે જોઇએ તે આપુ તુને,
જો કન્યા દેખાડો મૂને.
માલેણુ કહે એ વશમી વાત,
કન્યા એક કરે ઉતપાત;
દીવસ આઠમે આદીત વાર,
ખડગ ગૃહીને નીસરે બાહાર.
દેવળ કાળીકા કેરૂં જ્યાંહાં,
દીવસ આથમે આવે ત્યાંહાં;
મારગમાં પુરૂષ મળે જે કોય,
તતક્ષણ તેને મારે સોય.

તે દહાડે પડો પુરમાં ફરે,
પુરૂષ કોઈ બાહાર નવ નીશરે;
મનમાં એક ધરે છે નેમ,
જો કાળીકા ધરશો પ્રેમ.
જે અંબાવર કહેશે શહી,
કન્યા તેને વરશે જઈ;
તે માટે સાંભળો માહારાજ,
એ કન્યા કેમ આવે હાથ.
એવું સુણી બોલ્યો પરધાન,
હવે એ કામ થશે નીરવાણ;
એવે દીવસ રવીનો આવીયો,
જઈ પ્રધાન દેવળમાં રહ્યો.
અંબા આગળ ઉભો જઈ,
નગ્ન ખડગ તે હાથમાં લેઈ;
દ્વાર દેઈને પેઠો ત્યાંહાં,
એવે કન્યા આવી જ્યાંહાં.
સહુએ સખી સાથે પરવરી,
કનક થાળ તે પૂજન ધરી;
મારગમાં હોકારા થાય,
જે જ્યાંથી પુરૂષ પળાય.
એમ કરતાં પાળી આવી ' ત્યાં,

સોવન કાળીકા હેઠ જ્યાં;
પણ તે દેવળ ના ઉઘડે,
માંહેથી પડછંદા પડે.
જાગ્યા શબ્દ તે માંહેથી થાય,
રંડા પાપણી તું કન્યાય.
પુરૂષ દ્વેષણી કહું છું તુને,
તારૂં મુખ ન દેખાડીશ મુને,
એવો શબ્દ અલૌકીક સુણી,
સ્તુતી કરવા લાગી ઘણી;
મારા અપરાધ ક્ષમા કરો આજ,
ને દરશન મુને દીધુ તાજ.
જે આજ્ઞા આપી આપે તુમ,
તે શત કરીને માનું હુંય.
હવે શબ્દ પ્રગટ્યો એક વળી,
કન્યા ગાન તુ તરજે રળી,
તુજ નોતે એક વરછે આજ,
ચંદ્રાંતનો છે માહારાજ;
તે સાથે પરણવા કરો ઉપાય,
તુજ લોલે ચીત્રાંગદરાય,
પછી હું આપુ દરશન તુને,
[illegible]

એવાં વચન અંબાની સુણી,
પાછી વળી કન્યા ઘરભણી,
ખડગ તજીને લીધો નીમ,
પુરૂષ સાથે કીધો પ્રેમ;
એ પરપંચ કીધો પરધાન,
અંબાને કીધો પ્રણામ.
પાછો ફરીને આવ્યો ત્યાંહી,
માલેણ ઘેર ઉતરીયો જ્યાંહી,
માલેણ બોલ્યો સાંભળ આજ,
મેં કન્યાનું કીધું શુભ કાજ;
પરધાન કહે આપું પુષ્પ ચોળી ભારી,
તે કન્યા આગળ મુકજે વળી;
તે તું પેરાવે જઈ હાથ,
ચીત્રસેનની કરજે ઘાત,
મુજ મહીર તેનો પરધાન,
આવ્યો છે તુજ અર્થે માન;
એવાં વચનને માલણ સુણી,
તંતક્ષણ આવી કન્યા ભણી,
તેં વાત કરી માલણે જેટલે,
કન્યા મેહે વાંચ્યો તેટલે,
કમળાવતી મન હરખ ન માય,

જઈ પીતાને લાગી પાય;
તાત મને ઇચ્છા છે ઘણી,
ચીત્રાંગદને વરવા તણી.
આવ્યો છે તેનો પરધાન,
તેને તેડાવો હે રાજંન,
ચીત્રાંગદ રાજા મંન ધરી,
મનશા સીધે હું તેને વરી.

સુરવદ્દાયો.

કામસેન એવું શાંભળી, હૈડે હરખ ન માય,
કન્યા વર ઇચ્છા ધરી, લગ્ન કીધું જુગમાય;
તતક્ષણ ત્યાંહાં તેડાવીયો સુખસાગર પરધાન.
કન્યાપરણાવી લગ્ન વલી ખાંડા સાથે નીરવાણ,
પે રામણી કીધી ઘણી, ગજરથ મણી ભંડાર;
કન્યા વળાવા કારણે રાજા કરે મન વિચાર.

ચોપાઈ.

વળાવી તે કંન્યા સોય, રાજાને મંન આનંદ હોય,
રાજ દાશી આપી તેની સાથ, રક્ષા કરવા પૃથ્વીનાથ.
સુખ સાગર મન હર્ખં ન માય, કંન્યા લેઇ દેશ પળાય,
દીવસ કેટલે પોહોચ્યા તહીં, ચંપાવતી તે આવ્યા શહી,
સભામધે બેઠા રાજન, શીરનામી ઉભો સુખનીધાન,
સ્વામી શ્રી કામાવતી જેહ, હું પરપંચ કરી લાવ્યો તેહ.

જેવી ચિત્રામણમાં લખી, કન્યા સુંદરછે તે થકી,
એવું શુણી બોલ્યો મહારાજ, રતનમોહોલે મુદ્દો આજ.
પ્રધાન મંન એવું ધરી, કનક મોહોલ રાખી સુંદરી,
એમ કરતાં પછી રજની થઈ, રાજા સભાથી ઉઠયો સહી.
મોહોલમાં પેઠો તેણીવાર, જઇને વળગ્યો છે, બીજનાર.
નવ જોબન સુદર મદમતી, તે મંદીર થોભ્યો મહીપતી,
એક મારા ત્યાં ક્રીડા કરી, કામાવતીને ગયો વિશરી.
રાજાને મંનહર્ખ ન માય, બીજે મોહોલે થોભ્યોરાય,

પુરવછાયો.

સાત વરસ એમ વહી ગયાં નિતનીત નવલા રંગ.
ભૂપત ભૂવનમાં ફરે, રાજા કરે મન આનંદ;
એક શમે ત્યાં મોહોલમાં, રમત કરે રાજંન,
એવે કનક મોહોલ દ્રષ્ટે પડયો, મોહે વાધ્યો રાયને મંન.

ચોપાઈ.

મોહ વાધ્યો, રાજાને મંન, તતક્ષણ ત્યાં કાવ્યું રાજંન,
આજ મોહોલ શણગારો શહી રાજા રમવા આવશે અહી.
અનેકભુશણ પટ અતીશાર, રાજાએ મોકલ્યા શણગાર;
કામાવતી તવ રોષે ભરી, મંન વૈરાગ ધર્યો સુંદરી,
દાશી પ્રત્યે બોલી વાણ, જઈ રાજાને કહો નીર્વાણ.
એ મીત્રાંગદરાયે આજ, મેં મારે મંન કીધો તાજ,
માતપીતા સરખો એ રાય, એ કંથ હું નહી કન્યાય

એવું સુણીને દાશી ગઈ, રાજાને ત્યાં સહુ ગતી કહી,
સ્વામી એ બોલી ઉતપાત, તુજને તાજ કીધો મનસાથ.
દાશી કહે એનો વાંકજ નહી, સાત વર્ષ દુઃખ ભોગવ્યુંસહી.
તે માટે રહી ક્રોધજ ભરી, રીશેવચન કહેછે સુંદરી.
જાઓ મનાવી લાગો પાય મુજ અપરાધ ક્ષમાકરોરાય,
બહુ વિનય કરીને કહે ભૂપ, કામાવતી મનઅકળસરૂપ
જેહવો કામશેન મુજતાત, તેવો એ ચીત્રાંગઃ ભ્રાત,
સાત વરશ હું એ ઘેર રહી, પણ મેં દર્શન ત્યાં દીઠું નહી.
હવે પ્રીત કરશી એ સાથ, મેં વૈરાગ આણ્યો મંન નાથ,
એવું વચન રાજા સાંભળી, ક્રોધ કરી પછી બોલ્યો વળી,
જો અભીમાન કરે સુંદરી, તો વેચો એને બજારે ધરી.
એનું મુખ ના જોઊં આજ, મેં મારે મંન કીધી તાજ,
સીઘ્ર લેઈ જાવો આજ, સેવકને ત્યાં સોંપ્યું કાજ.

પુરવછાયો.

એવાં વચન સેવક સુણી, લેઈ ચાલ્યા તેણીવાર,
ચૌટામાં રાખી પછી, પડદામાં તેનાર.
હાહાકાર હવો તદા રૌકો મળીઆ લોક,
જોવા રાણી રાયની, બહુ પેરે આણે શોક.
દેશવિદેશે ગઈ વારતા, તતક્ષણ ચાલી જાય,
જોવા આવે સરવકો, ચૌટે રાણી વેચાય.

ચોપાઈ.

કોઈક સબળ મનમાં દુઃખ ભરે,
ધીક ધીક રાજાને ઓચરે.
એવી સુંદર કામાવતી,
પાપી તાજ કરે ક્યાં શની.
કેટલાક કહે રાણી પાપણી,
રાજા શું એને રીસ્રજ ઘણી.
જેને જેમ ગમે તેમ કહે,
તે રાજાને ઉપવાદ દીએ.
એક વર્ષ એમ ચાલ્યું વહી,
પણ મૂલ કોઈએ પુછ્યું નહીં.
એમ કરતાં એક આવ્યો શોય,
વણીક પૂત્ર વેપારી કોય.
સાત વાહાણ તેનાં માલે ભર્યાં,
તે આવી ચંદાવતી ઉતર્યાં.
ધન અનંત સંખ્યા નવ થાય,
એવો શાહ આવ્યો નગર મોઝાર.
બાર વરસ તે દરીએ ફરી,
ઘણો માલ તે લાવ્યો ભરી.
ભાણચંદ તે પીતાનું નામ,
કરણ કુંવર પોતે અભિધાન.

નગરમાં તે જોતા જાય,
અતિ સુંદર તે શોભે કાય;
પુંઠે વાણોતર છે દશવીશ,
ચૌટામાં ચઢી ચાલ્યો દીશ.
જોતાં જોતાં આવ્યો ત્યાંય,
દીઠી રાણી પડદા માંય;
પુછ્યું કોણ કેરી સુંદરી,
કાં રાખી અંતરે ધરી.
શુણ શાહપુત્ર વદે પરધાન,
સ્ત્રીને વેચે છે રાજન;
તવ કહે કુંવર દેખાડો મુને,
પછી મૂલ હું પુછું તુને.
તવ રાણી દેખાડી શોય,
કરણ કુંવરને પડદા માંય;
પડદા માંહે પેઠો જદા,
કુંવરે રાણી દીઠી તદા.

પુરસગાયો.

કુંવરે દીઠી કામની, કામાવતી જે નાર,
પ્રીત અન્યોઅન્ય ઉપની, જાણું આ ભરથાર;
દ્રષ્ટે દ્રષ્ટ મળી તદા, બેહુ વાંધ્યો એકને મન,
મન સાથે મેં તું વર્યાં, સુણો શાહ પુત્ર વચન.

જો એ ધન લેઇને આપશો મુજને તારે હાથ,
જે માગે તે આપજો, ફરી ના પુછશો વાત;
મેં મનશા શીચે તું વર્યો, જનમો જનમ હું નાર,
જો નહી આપે તો રાણી, પ્રાણ તજીશ નીરધાર.
કરણ કુંવર એવું સાંભળી, હૈડે હરખ ન માય,
પીન અન્યો અન્ય રૂપની, આવ્યો પડદા બાહાર.

ચોપાઈ.

તવ કુંવર કહે શાણુ પરધાન,
ગુઝ એનું પૂછો રાજન;
જે માગે તે આપું અમો,
જઈ રાજાને પુછો તમો.
એવું સુણીને અનુચર ગયા,
જઈ રાજા કને ઊભા રહ્યા;
ડંડવત કરી લાગ્યા પાય,
સાંભળ તું ચીત્રાંગદ રાય.
રાણી મુલ શું છે માહારાજ,
પુછે કો વેપારી આજ;
વાણીક પુત્ર કો સુંદર સહી,
મારા તણી તેને રાખ્યા નહી.
ભરજોબન મદ પુરણ તેહ,
મુઝ નારનું પૂછે એહ;

એવું સુણી બીરબલ રાય,
મનમાં અતિ આશ્ચર્ય થાય.
ભલો પુરૂષ તે પૂછે મૂલ,
તે શાહ સુત શાહજાદા તુલ્ય;
જોઇએ જીવ એનો આજ,
ઘણું મુક્ત બોલ્યા મહારાજ.
કુંપ એક ચોડ્યો ગજનો કરી,
કનક વડે તે આપે ભરી;
તો તેને આપું સુંદરી,
એવી પ્રતિજ્ઞા રાએ કરી.
એવાં વચન કુંવર સાંભળી,
મન માંહે તે થયો રળી;
તતક્ષણ કુંપ કરાવ્યો તહી,
કુંપ માંહે ધન નંખાવ્યું સહી.
મૂખ બરાબર ભરાવ્યો માપ,
ધન વિના પછી થયો આપ;
સાતે વાહાણ પછી વેચ્યાં જેહ,
કુંપમાં ધન નંખાવ્યું તેહ.
આવ્યો કુંપ બરાબર ભરી,
તવ કુંવરે માગી સુંદરી;
તવ રાજાની આજ્ઞા થઈ,

એને રાણી આપો જઈ.
કરણ કુંવર પડદામાં જાય,
કામાવતી તવ લાગી પાય;
આલિંગન દીધું તે શાહાય,
જે મુજ અર્થે આપ્યું બહુ ધન.
ગરવ ઉતર્યો રાજાને મન,
એ જાણતો કે કો નર નથી;
ગાન ભ્રષ્ટ કીધો મહીપતી,
હવે તુજ વિના મારે નહી કોય.
તાત ભ્રાત બીજા નર સોય,
એવું સુણી કુંવરે કર ધરી;
તું મુજ શ્રેષ્ટ આજ્ઞા કરી,
તુંજ વિના [illegible]ન કરૂ સહુ તાજ.
આ મુજ પ્રાણ તમારે કાજ,
એમ અન્યોઅન્ય બેહુજણ કહી;
તે પૂરથી પછી ચાલ્યા સહી,
મારગમાં બેઉજણ ચાલ્યાં જાય.
કુંવર તણો મન ચીન્તા થાય,
સાં બારે મન વિમાશણ કરે;
વણીક પુત્ર મન ચીન્તા ધરે,
આ રાજ સુતા રાજાની નાર.

જોઇએ બહુ વસ્ત્ર શણગાર,
આ સકલ જોગ છે સુંદરી;
તે મુજને કેમ રેશે મન ધરી,
મુજ કને ખરચી ન મળે લગાર.
ધન વિના કેમ રહેશે નાર,
કાંઈ નથી વળી શું જમશું આજ;
કુંવર સબળ મન આણે લાજ,
કાં મેં એને દુખણી કરી.
સુખે બેઠી હતી સુંદરી,
આજ ત્રણ દીવસથી બેઉ;
અંનવિના મુખ કરમાયાં તેહ,
ચરણ ચાલતાં તડકે વળી.
ચાલતાં થાકે પગ [illegible]ાએ ગળી,
કુંવર દુઃખીઓ થાયે મન ઘણું;
રાણીએ મન જાણ્યું તેહ તણું,
રાખી કથને પુછે વાત.
કાં દુઃખ પામો મારા નાથ,
સરોવર તટ બેઉ બેઠાં સાંય;
પ્રીત અભીંતર બેઉ જણ મીંય,
ભભકે પીયુને બેસાબા જાણ.
અંગ સકલ ચાંપે નીવાંણ,

ચરણ કુંવરના સનમુખ ધરી;
પગતળાવાં ચાંપે સુંદરી,
કશા વચન પછી બોલી મુખ,
કાં સ્વામી મનમાં પામો દુખ.
મુજને ચિંતા તમારી થાય;
રખે કંઈ દુઃખ પામો કાય.
મારી ચિંતા આણો રખે,
ચાલો જઈએ કો નગ્ર વિષે.
રખે કશી મન ચીન્તા ધરો,
નગર પ્રૌઢ હોય ત્યાં સચરો.
તમે પ્રભુ જ્યાં જશો તહી,
નવે નીધ ત્યાં મળશે સહી,
આશનાવાશના કીધી ઘણી,
ચાલ્યાં બેઉ મારગ ભણી;
એમ કરતાં એક આવ્યો દેશ,
પાટણપુર સતવંત નરેશ.
વિરસેન રાજાનું નામ,
આવ્યાં બેઉ જણ તેણે ઠામ.
સંધ્યા સમે બેઉ જણ આવીયાં,
કો બ્રાહ્મણને ઘેર જઈ રહ્યાં.
ત્યારે મન આણ્યું જઈ,

દશમે દીવસ બેઉ જમીયાં સહી.
રજનો વાસો રહ્યાં બેઉ ત્યાંય,
દેશ આપણે રેવું આંય.
પ્રાતસ હુઓ દીન પ્રગટયો પતી,
કુંવર પ્રત્યે કહે કામાવતી.

ગુરવછાયો

કામાવતી કહે કંથજી, ભોવન જુઓ એક આજ;
એકાંતે વસીઓ જઈ, સુખભોગ કીજે કાજ.
પછી સુંદર ઘર લીધું તહીં, બેઉ જણે કીધો વાશ.
સ્મર્ણું કરે ગોવિંદનું, પ્રભુ તમારી આશ.
કામાવતી કહે કંથજી, સાંભળ ચતુર સુજાણ.
એક મુદ્રીકા છે મુજ કને, વસ્તુ અમુલખ જાણ.

ચોપાઈ.

વસ્તુ અમુલખ વીંટી જેહ,
જઈ ઘરેણે મુકો તેહ.
રૂડુ માણુસ જોઈ કરી,
આજે ધન લેજો એ ધરી.
સાત મોહોર લ્યો સોનાતણી,
મુકો ત્યાં વીંટી આપણી.
એક ભટ આવો એક સાર,
જેવો શોભે રાજદ્વાર.

નવરંગી રેશમ જેહ,
અતિ સુંદર વળી લાવો તેહ.
હું મુજ હાથે પીછોડી ભરૂં,
જે દીઠે મન રીઝે ખરૂં.
એક વરસનું અન જળ પાન,
ઘરમાં સરવ ભરો ભગવાન.
મુજ પાસે તમો આનંદ કરો,
રાત દીવસ એમ નીર્ગમો.
હું નિશદીન તમ શેવા કરૂં,
બેઠી હાથે પીછોડી ભરૂં.
કરણ કુંવર તે કરતાં વાત,
તતક્ષણ તે લઈ આપ્યા હાથ.
શ્વેત પટ રેશમ નાનારંગ,
જે માગ્યું તે લાવો સંગ.
હાથ કશી દોરામાં ભરે,
રાત દીવસ બેઉ ક્રીડા કરે.
નાના વિધનાં ભરે ચીત્રામણ,
ભાત ભરે રહી પોતે ધામ.
ક્રમિશેન પોતાનો તાત,
પટમાં હેતે લખીઓ ભાત.
રાજધાની લખી તે તણી,

દામાવતીની શોભા ઘણી.
પોતાનું તે લખીયુ રૂપ,
જે દીઠે મોહ પામે ભૂપ.
ત્યાં એક વરસ એમ ચાલ્યું વહી,
પુરણુ પટ થયો છે સહી.
પછી તે કુંથને આપી હાથ,
ચૌટામાં જઈ વેચો નાથ.
સવા લાખ ટકા મુલજ કરો,
જે આપે તેને કર ધરો.
એવું સુણીને કરણુ કુમાર,
ચૌટામાં ચાલ્યો તેણી વાર.
લેઈ ઉભો તે મારગ માંય,
જોવા લોક સૌ મળ્યું ત્યાંય.
ભાત લખીમાંહે વિધવિધતણી,
ભરત પીછોડી શોભે ઘણી.
ખલક લોક રહી જોતા તેહ,
ફો પ્રધાને દીઠી તેહ.
તતક્ષણુ તેડયો તેની પાસ,
જોતાં પટ પામ્યો ઉલ્લાસ.
સવાલક્ષ ટકા કીમત જેહ,
તતક્ષણુ ગણીને આપ્યા તેહ.

ઓઢી આવ્યો રાજ સભાય,
દેખી ભુપત આશ્ચર્યે થાય.
વીરશેન મોહ પામ્યો ઘણું,
પટમાં દીઠું રૂપ તે નારી તણું.
પાશે તેડાવ્યો છે પરધાન,
ઝાલી પટ જોયું રાજન.
કામાવતી જે કાને સુણી,
કામસેનની શોભા ઘણી.
તે સહીત દીઠું અંબર માંય,
રાજા આશ્ચર્ય પામ્યો ત્યાંય.
આપી ઘોડી લીધી કાંય,
તે સોદાગરને તેડો આંય.
નીકર રાજ્ય સભામાં આવશો નહી,
જો લાવો તો આવજો સહી.
એવું સુણી ચાલ્યો પરધાન,
તતક્ષણ આવ્યો તેણે ઠામ.
ત્યાં કુંવરને દીઠો નહીં,
પછી રહ્યો ચોટામાં જઈ.
જોગી થઈને બેઠો શરે,
કરણ કુંવરની શોધ જ કરે.
કહે શીવદાશ તે નાચો ઘેર,

હવે કુંવરની કહુંછું પેર.

પુરવછાયો.

કુંવર પીછોડી વેચતો, આનંદ અંગ ન માય,
મુદ્રીકા મુકાવી પછી, જેનું મૂલ નહીં થાય.
શ્વેતપટ પછી આણીઓ માંહે રેશમ નવરંગ,
રાણી કને આવ્યો પછી, કરણ કુંવર ઉમંગ.
કામાવતી તેને દેખતાં, તતક્ષણ ઊઠી ધાય,
આલિંઘન દેઈ પ્રેમશું, ચાંપ્યો રૂદીઆમાંય.
ચરણ પખાળી પીયુતણા, પલંગે બેસાડયો નાથ,
ચુંબન લેઈ ચાંપ્યો રૂદે, પીયુ બેસાડી સાથ.
નાનાંવિધ ભોજન કરે, કરે ગાન ને તાન,
એ રીતે દીવશ નીર્ગમે ભોગ શકળ સુખનામ.

ચોપાઈ.

રાત દીવસ બેઉ ભરમાંય,
ક્રીડા કરે મન ગમતી ત્યાંય.
નીત્ય નીત્ય અદકો વાધે નેહ,
રાણીને મન સબળો સનેહ.
અધક્ષણ કદી ના ચુકે પાશ,
બેઉને મન સરખો ઊહ્લાસ.
એક પોહોર પીછોડી ભરે,
ત્રણ પોહોર બેઊ ક્રીડા કરે.

પતિ આગળ બહુ સંગીત ગાય,
મધુરે સ્વરે બહુ વેણુજ થાય.
નાચે ગાન કરે અતિ સોય,
રાજા ભોગનથી બહુ સુખ હોય.
રાત દીવશ એમ કરતાં જાય,
નરનારી મંન હરખ ન માય.
નાનાવિધનાં બહુ આશન રમે,
તેમ તેમ કરણ કુંવરને મન ગમે.
પાન ફુલ મેવા બહુ પેર,
જે જોઇએ તે પૂરણ ઘેર.
હાસ્ય વિનોદ કરે અતિ ઘણો,
સ્ત્રીને પ્રેમ ઘણો પીયુ તણો.
પ્રાણ વલ્લભ બેહુનાં મન,
સ્ત્રી બોલી હશી વચન.
જનમો જનમ સ્ત્રી હું તમ હજો,
સદા કાળ તું મુજ પતી થજો.
જ્યાં લગી શશી કરે પ્રકાશ,
ત્યાં લગી હું રાણી તું રાય.
એમ કહે કુંવર તું મારો પ્રાણ,
તુજ વિના આહાર તજું નીર્વાણ.
એમ અન્યોઅન્ય સઅળો સ્નેહ,

નરનારી સુખ પુરણ હેહ.
એક પોહોર લે ચાદર કામ,
પટમાં ચીત્રે ચીત્રામણ.
ચીત્રપુર ચીત્રાંગદ રાય,
તેનું રાજ ચીતર્યું પટ માંય.
જ્યાં પોતે વેચાણી હેહ,
રૂંપ કનકપર લખીયું તેહ.
બીઠ રાજન ધંન વણીક કુમાર,
ને રાણી કીધી ઘરનાર.
કુળ તુલ્ય ભરી આપ્યું ધંન,
માન ભ્રષ્ટ કીધો રાજંન.
કામાવતી લઈ આવ્યો સાથ,
એમ પટમાં લખ્યું તેને હાથ.
શકુ વિસ્તારી લખીયું પટમાંય,
પુરણ પીછોડી કીધી ત્યાંય.
નાનાવિધ લખીયાં ચીત્રામણ,
જોતા મંન પામે અભિરામ.

પુરવછાયો.

પ્રેમદા કહે સુણ પ્રાણપતિ, પુરણ થયું એ કાજ,
અડી લાખ ટકા આપે તેને, ચાદર ધરજો હાથ.
અદકે ઓછે ન આપશો, ભરત પીછોડી એહ,

ચતુર કહે તે જાણશે, તતક્ષણ લેશે તેહ.
દીવશ છતાં ઘેર આવજો, ઘડીએ ન રહેશો રાત,
તુમ વિના અંન જળ ના કરૂં પ્રાણ તજુ હું નાથ.
કુંવર તુજ મુખ જોયા વિના, અધક્ષણ રહ્યું નવ જાય,
જો તુજ મુખ દેખું નહીં, તો મુજને દુઃખ જ થાય.
એવો મનમાં બેહુને સમથ આલિંગન દેઈ શકાય,
હાસ્ય વિનોદ કરી પછી, કુંવર તે ચૌટે જાય.

ચોપાઈ.

એવું કહીને કરણ કુમાર, ચૌટામાં ચાલ્યો તેણીવાર.
અશ્વ ચઢી આવીઓ એવ, જઈબજારે રહ્યો તતખેવ.
સેવક હાથ પીછોડી ધરી, રહ્યો ચૌટામાં પોહોળી કરી.
જોવા મળ્યા લોક બહુ તેહ, ચીત્રામણ વિધવિધનાં જેહ,
સહુકો કહે પેહેલો જે વેચી ગયો, વળી બીજી આલાવીયો.
ચાદર સર્વ વખાણે લોક, જોવા મળીયા થોકેથોક.
દેશ વણીરે જાણી વાત, જેને કાજે ફરે દીનરાત.
પટ માટે તેને તજીઓ રાય, તતક્ષણ તે જોવાને જાય.
દીઠી ચાદર હરખ્યો મનમાંય, કુંવર તેણે જઈ લાગ્યો પાય.
પ્રભુ અમારો રાજા જેહ, એ ચાદર ઈચ્છે છે તેહ.
ચાલો કહે કરણ કુમાર, રાજાને એ આપું સાર.
ભુપકને લાવ્યો પરધાન, કુંવર જાણે પ્રથક ભાણ.
રૂપવંત બહુ શોભા કહી નવ જાય, જોતાં મનમાં હરખ્યો રાય.

ચતુર પુરૂષ કો સગે નહી, કામાવતી એ વૈરછે સહી.
જોઈ પીછોડી આશ્ચર્ય થયો કપટ બાત મનમાં નહવો.
જેવી કાને એ સુણી હતી, તેવી પટમાં ચીતરીજેઅતી.
નીરખીનીરખીમોહ્યો નીરધાર, રાજામનમાં કરેવિચાર.
સુંદર નાર પટની ભરનાર, મુજ મોહોલે એ શોભનાર.
એવી વિમાશણમનમાંવશી, કરણકુંવરસગોહોશી.
કહો શાહ ક્યાંથી એ ઉપની, વીસ્તારીકહોવાતવર્ણવી.
તવકુંવરકહેસુણોમાહારાજભરનારનારછેઅમઘેરઆજ
તારાપુરમાંરહીએસુખભરી, ધર્મરાજતાહારૂજાણી કરી.
એકવરસપટભરતાં થાય, ત્યાં લગીઘરમાંઅમોરૈએરાય
બીજા વેપારહું જાણું રાય, તેતો ધન વિનાનવ થાય.
તે માટેએ ઉધમ જાણુ, રાજા તુજને હજો કલ્યાણ.

દુહા

વીરસેન એવું સાંભળી, આનંદ અંગ ન માય,
પછી ચાદર લઈ ઘરમાં ગયો, કુંવર બેસાડયો ત્યાંય.
વળી જોવા લીધી મુદ્રીકા, રતન અમુલખ જેહ,
નામ ઠામ પુછયું હેતે કરી, પરપંચ કરવા તેહ.

ચોપાઈ.

પાપ બુદ્ધી રાજાએ કરી,
કુંવર તણી હરવા સુંદરી.
બહુ દાશીઓ મોકલી ત્યાંય,

કામાવતીને લાવો આંય.
એવું સુણીને અબળા દાશ,
આવી કામાવતીની પાશ.
મધુર વચન કરી બોલી શોય,
જેમકો દાશી પોતાની હોય.
બાઈ કરણ કુંવરે મોકલ્યાં,
જાઓ નાર છે જ્યાં એકલાં.
તુજને તેડે છે ત્યાંહાં પતી,
તુજ પતીને ત્રુઠા મહીપતી.
પટ સુંદર જોઈ મન રાય,
ઘણા હરખ પામ્યા મનમાંય.
કુંવર વધાવ્યો બહુ પેર કરી,
તારૂ ભાગ્ય સબળ સુંદરી.
વજીર માંહે મોટો કર્યો,
મોહોલ રહેવા આપ્યો આશરો.
માલ અનંત રાયે આપ્યો શોય,
તુજ વિના તેને સુખ ન હોય.
પ્રીત કરી સંગ રાખ્યો રાય,
તુજ વિના તે અંન ન ખાય.
પાલખી મોકલી છે અમ સાથ,
બેસી વેગ પધારો માત.

એવું સુણી કામાવતી દેહ,
વિક્ર થઈ પછી બોલી તેહ.
મુજને કંથ ના તેડે તહીં,
તે મુજ વિના ક્ષણ શોભે નહી.
પ્રીત હશે તો અહીં આવશે,
નહી તો એંધાણી કંઈ કહાવશે.
એવું સુણીને તતક્ષણ નાર,
રાજા કને આવી તે વાર:
સ્વામી એ સ્ત્રી ન આવે આંય,
ઘણું સમજાવી અમે ત્યાંય.
પતિ વિના કહ્યું કોનું નવ કરે,
બોલ અમારો મનમાં ન ધરે.
મુજને કુંવર બોલાવે નહી,
રાજ દ્વારમાં પોતે રહી.
વળી કહે ખોટી લાવ્યાં વાત,
હું નહી આવું તમારી સાથ.
નહી તો કંઈ લાવો એંધાણ,
તો હું વચન કરૂ પ્રમાણ.
એવી સુણી રાજાએ વાણુ,
મુદ્રીકા તવં આપી એંધાણ.
દાસ કહે વેગે આવો ખાસ,

તમ વિના ત્યાં વરાંશે થાય.
ઓની બુધ્ધી પાનીએ વસે,
કામાવતી ત્યાં હરખે હસે.
કપટ વાત નવ જાણી શોય,
કરમે લખ્યું પાછું નવ હોય.
પટ ભુશણ શણુગાર જ ધરી,
જઈ સુખ આશને બેઠી સુંદરી.
રૂપ અદભૂત શોભે વશી,
મુખ સુદર તે રહ્યું હશી.
જુગમ મહુરત રજની વહી,
પાલખીમાં બેશી તવ ગઈ.
જઈ પોહોચી રાજાને દ્વાર,
નહી મોહોલ ઉતારી નાર.
કામાવતી ત્યાં કરે વિચાર,
કાંઈ કારણ દીશે નીરધાર.
કાં છે પતી મારો મુને છેતરી,
રાય લાવ્યો મુને કપટે કરી.
રખે કંથ મુજ માર્યો હોય,
અંબા રક્ષા કરજો શોય.
મંદ ભાગણી તું જુગદીશ,
એ પતી કેમ રેશે શીશ.

હવે ચિરંજી હું બીતમાં ધરૂ.
ખબર તે કરણ કુંવરની હરૂ.
આ શંભુ એ તમારો બાગ,
કુંવર તણી કરજો રક્ષાય.
મોહોલ વિષે મુને રાખી સહી,
જાણ કરાવ્યું રાજાને જઈ;
એવું વચન સુણીને રાય,
હરખ તેને અંગ ન માય.
તતક્ષણ ઉઠી ધાયો ભૂપ,
જોવા કામાવતીનું રૂપ,
ઝુંડી ચાલે આવ્યો રાય;
જઈ રામાને લાગ્યો પાય.
પ્રેમદ્રષ્ટ મન માંહે ધરી,
નીરખી કામાવતી સુંદરી.

પુરવછાયો.

કામાવતીનું રૂપ દેખતાં મુર્છા પામ્યો રાય;
જેમ પુરણ શશી જોતમાં, તારા તેજ સમાન.
રૂપ અદભુત કામાવતી, મુખ દીઠે દુ:ખ જાય.
કાને સુણી જે, કામાવતી, તે પ્રતક્ષ દીઠી રાય.

ચોપાઈ.

પ્રતક્ષ નાર દીઠી જાટલે,

રાજા મોહ પામ્યો તેટલે.
વિનય કરી મુખ બોલ્યો વાણુ,
સુણ કામાવતી ચાતુર સુજાણુ.
તું સરખી કો સુંદરી નહી.
સ્વર્ગ મૃત્યુ પાતાળે સહી.
રાજદ્વાર તું શોભે રતી,
વણીક પુત્ર તાહારો પતી.
તું જોડે કોઈ શોભે રાય,
તું તો મહા સુખ પામે કાય.
સાહુ પટરાણી મારી જેહ,
તારી સેવા કરશે તેહ.
સર્વ લોકમાં પામીશ માન,
તું સ્ત્રી નહી એ કથ સમાન.
આ રાજ તારૂ એમ શહીજાણુ,
તુંજ આગળ કરૂં પ્રમાણુ.
કામાવતી તવ બોલી વાણુ,
સાંભળ રાજા ચતુર સુજાણુ.
જેણે કુપ ધન આપ્યું ભરી,
વણીક પુત્ર મારો છે ધણી.
જેમ મેઘ વર્ષે જળધાર,
તેમ ધનથી વરસ્યો વણીકકુમાર.

તે આગળ બીજો નર કશો,
વણીક પુત્ર મારોસુરપતીજશો.
તેના સુખની શી કહું વાત,
કરણુ કુંવર વિના સૌકો તાત.
ક્રીડા કરી મેં તે શું ઘણી,
વણીક પુત્ર તે મારો ધણી.
પ્રીત કરે મુજશું કોય,
તેને શ્રાપથી બાળુ શોય.
તવ રાજા કહે સુણ સુંદરી,
સત વચન કહું મન ધરી.
જો મુજને તું ન વરે અહીં,
તો તુજ પતીને મારૂ સહી.
પછી તુને રાખુ ઘરમાં હાંય,
દાસી કરીને થાપું ત્યાંહાંય.

પુરવછાયો.

કામાવતી એવું સાંભળી, મનમાં વિચારે વાત.
હું પરપંચ કરૂ હવે, જો જીવતો રહે મુજ નાથ.
નહીં તો પતીને મારશે, કામ વાધ્યો છે રાય.
શી ચરીત્ર કરૂં હવે, બીજો નથી ઉપાય.

ચોપાઈ.

તવ હશી મુખ બોલી રામારતી

સાંભળ વિરસેન નરપતી.
જે શું ક્રીડા કરી દીનરાત,
તે કઈ પેરે વિસારૂં નાથ.
વિધ વિધના કીધા ભોગ,
તે નરનો કેમ થાય વિજોગ.
તું જોગ નહીં હું ભૂપાળ,
કુંવરે કીધી હું નીરમાળ.
જે કો પુરૂષે ભોગવી રાની,
તેને કેમ વરે મહીપતી.
લોકમાં તુને લાગે લાજ,
તું ભુપ મોટો માહારાજ.
એવું સુણી બોલ્યો મહીપાળ,
તું સ્ત્રી કેમ કહીએ નીરમાળ.
રતન રાંકને હાથે ચડ્યું,
તે માટે શું લાંચ્છન પડ્યું.
અમુલખ વસ્તુ જોઇતી હોય,
નીચ કનેથી લેવી સોય.
જે જ્યાં શોભે તે ત્યાં સહે,
રતન રાંક ઘેર કેમ કરી રહે.
તે માટે તું છે રાજા જોગ,
નાના વિધના કરજો ભોગ.

એવું સુણી બોલી સુંદરી,
રાજા તું સાંભળ મન ધરી.
પરસ્ત્રી સાથે ના કીજે પ્રાણ,
પાતીક સહીત લાગે નીર્વાણ.
અમર લોક સરખા તુ જોય,
પરસ્ત્રીથી દુઃખ પામ્યા શોય.
પરાંણે નારી ના લીધી જાય,
પરસ્ત્રી સંગ ના કીજે રાય,
તવ કહે વિરસેન ભુપતી,
એ શું વચન બોલી સતી.
ઈંદ્ર ચંદ્ર સરીખા સુર જેહ,
પરસ્ત્રીથી મોહ પામ્યો તેહ.
કોણ માત્ર હું માનવ કાય,
તુજ દીઠે રહ્યું કેમ જાય.
રાજાને શીર પાતક નથી,
તે માટે મુજને વરો સતી.
કામાવતી તવ બોલી ફરી,
હું તુજ હાથે પડી સુંદરી.
વચન એક પાળો મ્હારાજ,
જો મુજ સુખ વાંચ્છો આજ.
ચ્યાર માસ સ્થીર રાખો મન,

પછી તુજ ઘેર રહું રાજન.
એકાએક વરૂ તુજને આજ,
તો મુજ કુળને લાગે લાજ.
કહેશે પતી છાંડ્યો પાપણી,
વ્યભીચારની લજ્જા ઘણી.
એવી વાત મારે મન હતી,
પછી તુને વરૂ હું ભૂપતી.
જોતામાં દીન જાશે વહી,
ચાર માસ તે જાશે સહી.
એટલામાં જો તે નહી મળે,
તો લોક લજ્જા તેથી ટળે.
એવું વચન તે રાજા સુણી,
આનંદ પામ્યો પાટણનો ધણી.
ચાર માસ જોતામાં જશે,
પછી નાર અમારી થશે.
મોહોલ એક આપ્યો પુરપાશ,
એક ડંડ ઊંચો આકાશ.
તે હેઠળ નદી પુરણ જળ જાય,
કામાવતી ત્યાં રાખી રાય.
દશ દાશી આપી માહારાજ,
કામાવતીની રક્ષા કાજ.

આખામણુ તેને દીધી અણી,
શેવા કરજો એ નારી તણી.
જે માગે તે આપજો શોય,
રખે એને દુભવતું કોય.
એવું કહીને રાજા જાય,
કામાવતીને માહા દુખ થાય.
પછી વૈરાગ્ય ધર્યો પતીને કાજ,
અંન ઉદક કર્યું સૌ તાજ.
ધ્યાન કરાણુ કુંવરનું ધરે,
રાત દીવસ પતીની ચીન્તા કરે.
પટ આભુશણ તજી શણુગાર,
એક વસ્ત્ર ભેર બેઠી નાર.
મન વિચાર કરે તે સહી,
કરણ કુંવર જો મળશે નહીં.
તો હું પ્રાણુ તજીશ નીરધાર,
જનમોજનમ એ મુજ ભરથાર.
જે રાજાએ પ્રીત અભીંતર ધરી,
તેને કેમ મુકે પરહરી.
હવે ઉપાય શો કરૂ અીહીં,
મુજ વિના કંથ ન જીવે સહી.
દાશી દશ જે પાસે હતી,

તે શું પ્રીત કરે બહુ સતી,
રક્ષા કરવા મુકી જેહ,
પોતાને વશ કીધી તેહ.
પ્રેમ ધરી તેને કહે વાત,
કરણ કુંવર મારો છે નાથ.
તેની વાત જો સાંભળો કંઈ,
તતક્ષણ મુજને કેજો અહીં.
એ વિના ક્ષણ રહ્યું નવ જાય,
દીઠે સ્ત્રી વ્હેવળ થાય.
કામ કોટી તણો અવતાર,
જાણે મનમથ મુજ ભરથાર.
તે પતી મુજ પાખે દીનરાત,
અન-ઉદક કીધું હશે તાજ.
તે મુજ વિના ક્ષણ રેતો નહી,
આજ સબળ દુખ પામ્યો સહી.
મને કોઈ દેખાડો કંથ,
કરણ કુંવર સ્વામી ગુણવંત.
એમ વિલાપ કરતી રોય,
દેહ થકી સુખ ટળીયું સોય.
કરણ કુંવર જ્યારે દેખું સહી,
ત્યારે અનજળ પ્રાસુ અહીં.

તવ એવો નીમ ધર્યો તે વાર,
કામાવતી ત્યાં રહી નીરધાર.
ત્યા દાશી કહે સાંભળ માય,
દુઃખ ઘણું નવ ધરીએ કાય.
કાસે કંથ તુજ મળશે જાણ,
અંબાજી કરશે કલ્યાણ.

કુંડળીઓ.

કામાવતી મન દુખ ધરે, પીઊ પીઊ કરે વિલાપ.
દુખ દાવાનળમાં પડી, એમ રૂદન કરે દિનરાત.
આકા સંકટમાં હું પડી, કામાવતી ત્યાં રોય.
કરણ કુંવરની ગતી કહું, સાંભળજો સર્વે કોય.

ચોપાઈ.

ત્યાંથી ભૂપતી ગયો સભાય,
કરણ કુંવર બોલાવ્યો રાય.
આદરતું ધન આપ્યું ભરી,
વળી વિયોગત બહુ પેરે કરી.
કરણ કુંવર પછી મંદીર જાય,
જાતાં માન શુકન બહુ થાય.
મંજારી મુખ આગળ આઈ,
વાયસ મસ્તક બેઠો સહી.
નાગ ચક્ષુ દરકે બેહતણું,

ત્યારે દુઃખ ઉપન્યું ઘણું.
મનમાં અતિ વીમાશણુ થાય,
રખે નારી દુઃખ પામે કાય.
મુજને મૃતનો પરીભવ હજે,
એ નારી સાથે જીવજ જજે.
એમ વિચાર કરતો જાય,
કરણ કુંવર આવ્યો ઘરમાંય,
કરે સાદ ઊભા રહી બાહાર,
ઘરમાંથી બોલે નહીં નાર.
અબળા નવ દીઠી જેટલે,
મુર્છાગત કુંવર પડ્યો તેટલે.
સંગ પાડોશી હુતા જેહ,
ધાઈ આવ્યા તતક્ષણ તેહ.
બેઠો કર્યો તહાં સર્વે મળી,
થઈ ગત ભંગ પડ્યો તે વળી.
કો વસ્ત્ર કો વીંજણો નાંખે વાય,
કો જળ આણી છાંટે કાય.
પણ મુખ કુંવર નવ બોલે વાણ,
જાણે દેહ થયો વીણ પ્રાણ.
એક મહુરત પછી મુખ વળી,
સાવધાન થયો મુર્છા ટળી.

કામાવતી ક્યાં ગઈ સુંદરી,
રૂદન કરે કંઠ ધાંટે કરી.
મુજ વિના મન કેમ રહે તેતણું,
હું વિના દુઃખ પામશે ઘણું.
આ વેળા હમ્યાની નવ હોય,
તુજ વિના મને માહા દુખ શોય.
તુજ વિના પ્રાણ તજુ નીરધાર,
આવી આલીંગન દોની નાર.
એમ કરીને વિલાપજ કરે,
કામાવતીને નવ વિસરે.
તેથી દુઃખ ધરે મન માંય,
તવ પાટોશણ આવી ત્યાંય.
કામે કંઈ ગઈ હશે નાર,
એમ ન કીજે કરણ કુમાર.
હમણાં ઘેર ફરીને આવશે,
તુજને મુકી ક્યાંહાં જશે.
કુંવર કહે એ જુઠી વાત,
સ્ત્રીને કાંઈ થયો ઉતપાત.
મુજ વિના ક્ષણું કહી થોભે નહી,
કારણ કંઈ છે માનજો અહી.
મુજને ક્ષણ કંઈ લાગતીવાર,

તો મન ધીરજ ન ધરતી નાર.
સુજને આવ્યો જાણું સતી,
કુડી દેહ સાથે ભીડતી.
ઉદક લાવીને ધોતી પાય,
પગ લોની રાખી ઉરમાંય.
ગગ તળાતાં બે હાથે ધરી;
પાણી "વા" નાંખતી સુંદરી.
તે આજ મુખના બોલે રહી,
તે પાખે હું પ્રાણ તજુ સહી.
ક્રોધે કહે હમે દીઠી નાર,
ચાર ઘડી રજની થઈ તે વાર.
જુગમ નાર કો આવી હતી,
તેણે કઈ સમજાવી હોય શાતી.

પુરવછાયો.

કરણ કુંવર એવું સાંભળી માહા દુખ પામો કાય,
ગ્રહી કામાવતી કપટે કરી, મોહોલે તેડાવી રાય;
હવે સ્ત્રી વિના હું શું કરૂં, પ્રાણ તજુ નીરધાર,
ગુણ એના કેમ વિસરૂ ચતુર શીરોમણ નાર.

ચોપાઈ.

ચતુર વિચીક્ષણ નારી એહ,
માહા દુખ પામતી હસે તેહ.

મુજને શાચુ ન વીસારે સોય,
તે કેમ હવે જીવતી હોય.
ઘેર ધંન હતું જે સાર,
લુંટાવી દીધુ તેણી વાર.
એક સતમોહોર અશ્વ પોતા તણો,
વસ્ત્ર સહીત બચ્યો ઘણો.
પડોશી ઘેર મુકયો તેહ,
જતન કરી તમો રાખજો એહ.
જો હુ માગુ તો આપજો શહી,
જતન કરી સંભાળજો ભાઈ.
પછી વસ્ત્ર તજીને કર્યું નગ્ન સ્વરૂપ,
જેમ ના ઓળખે વીરસેન ભુપ.
વિભુત અંગ લગાડી સોય,
ઘેલો થઈ પુરૂશ ઘેલુ જોય.
અંન ઉદક કંઈ નવ ખાય,
કામાવતીના બહુ ગુણ ગાય.
વાએ કીંગરી ગાએ બહુ ગીત,
કામાવતી શું અબળી પ્રીત.
રાત દીવસ એમ ફરતો ફરે,
કામાવતીની કીર્તિ કરે.
બાટેથી બોલાવે જેહ,

તેશું બાત ન બોલે તેહ.
શોચ કરે કૌંકાને ત્યાંય,
ઘેલો થઈ ચાલે પૂરમાંય.
ચકલે ચકલે ઉભો રહી,
ઓના ગુણ તે ગાએ શહી.
દુહે દુહે ચબોલા કરે,
એમ કરતો સઘળે પુર ફરે;
નિદ્રા ન કરે રાત લગાર,
વસે કામાવતી રદય મોઝાર.

પુરવછાયો.

કામાવતી તું કામની ચતુર શીરોમણ નાર,
તુજને એમ ઘટે નહી પેહેલી પ્રીત સંભાળ.
રાજપુત્રી તું સુખાણી, હું શાહાપુત્ર કુમાર,
વચન સભારો આપણું મુજ તુજ પ્રીત અપાર.
મેં ધન સર્વ પીતા તણું તુજ હેતે આપ્યુ રાય,
ગુણ તારા શી પેરે વર્ણવું કેહેતાં પાર ન થાય.
મુજ વિના જલ ઉદક તું મુખ ના ધરતી પાન,
તે કેમ રહેશો એકલાં મુજ તુજ પ્રીત સમાન.
શ્રી સુર્ય દેવ પ્રતક્ષ છો સઘળે તાહારૂં તેજ,
મેળવ મુજને તું કામાવતી મુજપર જેને બહુ હેત.
મુજને મુકી એકલી પલક કંઈ નવ જાય,

તે નારી કેમ વિસરે મુજ વિના અલગી નવ થાય.
શાહી વચન મુખ બોલતી, નીત નીત નવલા ભોગ,
તે નારીનો દૈવતે, ક્યાં કીધો મુજ વિજોગ.
મેં પુરવે પુન્યજ શું કર્યું જે પામ્યો હું એ નાર,
તપમાં હાણુ કરી હશે, જે દુખ પામ્યા સંસાર.
પ્રાતઃરામે ઉઠે સેજથી મુખ જોતી અતી પ્રેમ,
શૈયાથી પછી ઉઠતી, એવું ધરતી નેમ.
તે સ્ત્રી કઈ પેરે વીસરે, મુજ ગળશે આ જાત,
ક્ષણ ક્ષણે વરાસો થશે, કાંણ શું કરશે તુને વાત.

ચોપાઈ.

કરણ કુંવર એમ કરે વીલાપ,
અનજળ તજીયું સર્વે આપ.
રોતો રોતો ચાલે તેહ,
પૃથ્વી સાથે પછાડે દેહ.
ચકલે ચકલે કીરત કરે,
કામાવતીના ગુણ વિસ્તરે.
માર્ગે લોક જોવા બહુ મળે,
ઠાંગાઠોળી બહુએ કરે.
જેને જેમ ગમે તેમ કહે,
તે કુંવર સૌ સાંભળી રહે.
જો તું સ્ત્રીને વલ્લભ હોય,

તુજનાર તજે નહીં કોય.
અવર પુરૂષ શું લાગ્યો નેહ,
તેથી તુજને દીધો છેહ.
સ્ત્રીની પ્રીત ન કીજે ધાણી,
અબળા ના હોયે આપણી.
તો માટે સુણ કરણ કુમાર,
સ્ત્રી કોની ન હોય નીરધાર.
જેશું મન માન્યું દીનરાત,
તેહેને તો વળી મીથ્યા વાત.
જેને જે શુ સબળો સ્નેહ,
તેને મન પરમેશ્વર તેહ.
જો સ્ત્રીને પતી વાહાલો હશે,
તો સ્ત્રી ફરીને ઘેર આવશે.
પ્રીત હશે તમ ઉપર જાણ,
તો તુજને મળશે નીરવાણ.
એવી વાત સાંભળી ન જાય,
કરમે લખ્યું તે મીથ્યા નવ થાય.
જો સ્ત્રી સુખ વાંચ્છના ધરે,
અબળાં તણા ગુણ ન વિસરે.
જો સ્ત્રી નર શું આણે સ્નેહ,
તેવા નરને આપે છેહ.

તે તો જનમો જનમ ગાપાણી,
તે નાર કદાપી ન હોય આગાણી.
વળી ફરશા બોલ્યા વાણ્યુ,
એને પ્રીત સમજી છે જાણ્યુ.
પ્રીત અભ્યાંતર બેઉને જેહ,
અવર ઢાંણુ મન રાણા તેહ.
જેને જે શું પ્રીત બંધાય,
તેને તેવી નારથી રહ્યું નવ જાય.
જેને જે શું લાગ્યો મોહ,
તેને તે વીણ સુખ નવ હોય.
જો તે નારી આપે છેહ,
જનમો જનમ દુઃખ પામે તેહ.
તે નાર લજ્જા કોની નવ ધરે,
કોઇનું તે વાર્યું નવ કરે.
પ્રાણ અંતનો જાએ દેહ,
તે પુરૂષ તજે નહી સ્નેહ.
તે માટે ત્યાં સૌ કો મળી,
મન વળાવે કુંવરનું વળી.
કેટલાએક એમ કહેતાં જાય,
એની રક્ષા કરજો માય.
ચતુર પુરૂષ કો હોશે જેહ,

પાન સુખડી અપાવે તેહ.
કો જળ ફળ આણી આપતા,
દુખ ધરી શીશ ધુણાવતા.
ફટરે નારી પાપણી એહ,
ભીખારી જાણી આપે જેહ,
કરણ કુંવર નવ ખાએ તેહ.
કામાવતી વીણ ભક્ષ ના કરૂ,
તે નારી વિના પેટ કેમ ભરૂ,
જેની સાથે ચીત લાગ્યું નેહ,
દમણાં સુખ નવ દેખું તેહ.

પુરવછાયો.

તે સ્ત્રી મુજ વિના ખાતી નહીં, અંન ઉદક ફળ પાન,
તે નારી વિણુ ભક્ષ જો કરૂ, તો અંબાજીની આણ.
એ નારી જ્યાં રહી હશે કપટ થકી કો પાસ,
ત્યાં અંનજળ ભક્ષ નહી કરે, દુખે થશે દેહ નાશ.
તે માટે તે નારને તું મેળવ મુને જુગદીશ,
નહી તો કરવત મુકાવીને, દેહ પતન કરૂ હાશ.
અથવા સમુદ્રમાં જઈ કરૂ હું ભેરવ જંપ,
કામાવતી વીણું નહી જીવવું આણીશ મારો અંત.
તે વિના પ્રાણ રાખું નહી કહું છું હું નીરધાર,
જનમો જનમ બેહુ એકઠાં અવતરીએ નરનાર.

એમ કેહેતો સઘળે ફરે, સરવતજીતુ સુખજાણુ,
ત્રણ માસ એમ વહી ગયા તે પુરમાં નીરવાણુ.
રડવડતો પછી આવીયો કનક મોહોલ છે ત્યાંય,
રાખી કામાવતી જતને કરી જે મોહોલની માંય.
સાદ સુણી કુંવર તણો જોવા લાગી તેહ,
નગનરૂપ માથે જટા રૂપ અદભુત છે જેહ.
દીઠો દુર્બળ કુંવરને દીવસ ઉગમતાં જાણ,
કામાવતી કામાવતી ઓચ્ચરે, મુખ બોલે એવી વાણ.
એ ગતી દેખી કુંવર તણી, કામાવતી તવ રોય,
મોહોલની બારી આગળે ઉભી ઉભી જોય.
તવહેત આણી ચીત વિષે, બેડી બારી મોઝાર,
નીહાળીને ત્યાં જુએ એ મારો છે ભરથાર.

ચોપાઈ.

કરણ કંપ દીઠો કામાવતી,
દાશી પ્રત્યે બોલી સતી.
ભાઈ બગની છો મુજ માય,
રક્ષા કરવા રાખી રાય.
વાત એક તમને કહું આજ,
રૂપે જઈ કેહેલો માહારાજ;
તબ દાશી મુખ બોલી ફરી,
તુ તો માત અમારી ખરી.

તમ અમમાં કંઈ અંતર નથી,
જે કહો તે કરૂ તમારી વતી.
સતી વદે હું માગુ શહી,
તુંબી ફળ એક લાવે અહી.
તતક્ષણ આણી આપ્યું તેહ,
કાજળની મેશ કાઢી જેહ.
પત્ર લખ્યો એક વેગે કરી,
લખીતગ કરણ કુંવર સુંદરી.
હું દાશી તમો કાગાવતી,
કપટ કરી લાવ્યા મહીપતી.
આ મોહોલના માળીએ જાણ,
મુજને રાખી છે તે નિરવાણ.
તમ દર્શન મેં દીઠું શોય,
કરણ કુંવર તું તો હોય.
અશ્વ એક તમો લાવો નાથ,
વળી પુરૂષનાં લેજો સાથ.
અર્ધ નિશાએ તમો આવો અહી,
હું તમ ચર્ણે લાગુ શહી.
જો ભગવંત મેળવશે આજ,
તો આપણ ભાગશુ મહારાજ.
એવી રીતે પત્રમાં લખ્યું જેહ,

તુંબી ફળમાં ઘાલ્યું તેહ.
મુખ બીડીને નાંખ્યું જળમાંય,
કરણ કુંવર ઉભો છે જ્યાંય.
સરીતા મધ્યે પડતાં સોય,
કરણ કુંવર ત્યાં ઉભો જોય.
તતક્ષણ પડ્યો જળમાંય,
તુંબી ફળ લીધું કરમાંય.
નદી બાહાર તે લાવ્યો શોય,
મુખ એનું ઉઘાડી જોય.
ભોજ પત્ર દીઠું જેટલે,
ઉકેલી વાંચ્યું તેટલે.
આ અક્ષર કામાવતીના હોય,
ઓળખતાં સુખ પામ્યો સોય.
મુજ નારી રેહે છે આ ઠામ,
તતક્ષણ ત્યાં કીધો પ્રણામ.
અંગ ધોઇને પાછો વળ્યો,
અશ્વ પોતાનો છે ત્યાં પળ્યો.
મનમાં અતિ હરખ ન માય,
કરૂણા કરશે માત અંબાય.

પુરવછાયો.

કરણ કુંવર પછી આવીયો, અશ્વ મુક્યો છે જ્યાંય;

પાડોશણને ત્યાં જઈ પછી માગી લીધો ત્યાંય.
પાંચ વસ્ત્ર પોતા તણાં રાખ્યાં પોતાની પાશ;
નીશા શમે પછી આવીયો આણી મન ઉલ્લાસ.

ચોપાઈ.

નીશાએ ત્રટ આવ્યાં ત્યાંય,
મોહોલ તળે સરીતા વેહેછે જ્યાંય.
તવ રાણીએ દીઠો શહી,
કરણ કુંવર તો આવ્યા અહીં.
મધ્ય રાત્રી એમ કરતાં ગઈ,
નીદ્રાવશ રાણ દાશી થઈ.
એવો લાગ જોઈ સુંદરી,
દોરડે વળગીને હેઠે ઉતરી.
નદી તણું ઓળંગી નીર,
તરી આવી તે સામી તીર.
એવે શમે ત્યાં થયો ઉતપાત,
કુંવરને ચોર મળ્યો ત્યાં રાત.
અશ્વ તણો ત્યાં દોર ગ્રહી,
કુંવર થયો નીદ્રાવશ અહીં.
ચોરે લાગ દીઠો તેણીવાર,
કરથી દોરી કાપી સાર.
અશ્વ ચઢીને બેઠો તેટલે,

કામાવતી આવી જેટલે.
જાણ્યું આ પતી મારો હોય,
અંધારે નવ દીઠો સોય.
તતક્ષણ અશ્વ ચડી તે નાર,
ચોર સંગાથે થૈ અસ્વાર.
કુંવર થયો નીદ્રાવશ કાય,
તસ્કર અશ્વ ઉપરે જાય.
કરમ તણી ગત નવ લહે કોય,
કીધું દૈવ તણું તે હોય.
રાત પાછલી જ્યારે થઈ,
કરણ કુંવર તે જાગ્યો શહી.
અશ્વ ના દેખે રાણી કોય,
આક્રંદ કરે ચોહોદશ જોય.
જાણ્યું કપટ કર્યું વળી સોય,
રાણી અશ્વ લેઈ ગયો કોય.
પગલાં દીઠાં તેનાં શહી,
તતક્ષણ તેહેને મુર્છા થઈ.
એક મુહુરત પછી ઉઠ્યો શહી,
આજુ બાજુ ફરી જોયું તહી.
વળી વસ્ત્ર તજ્યાં ત્યાં તતખેવ,
પ્રથમ ગત કરીતી જેહ.

વળી નવ બાગી આં સુંદરી,
કામાવતી કામાવતી મુખ ઉચરી.
આખા નગરમાં ફરતો ફરે,
અશ્વ નારીની શોધેંજ કરે.
જાણ થયું તતક્ષણ મહીપની.
મોહોલ થકી ગઈ કામાવતી.
કરી જોવા આવ્યો ત્યાંય,
કામાવતી રાણી હતી જ્યાંય.
છુટો હાર દીઠો જળમાંય,
આશા મુકી રાએ ત્યાંય.
મોહ રાજાને હતો ઘણો,
વિરહે થયો દેહ પોતા તણો.
બળ્યું રાજ મુજ ધીક ધીક દેહ,
જો મુજ ઘેર નહી નારી એહ.
ચાદ લોકમાં એવી સ્ત્રી નથી,
તેવી સુંદર છે કામાવતી.
શોધી કાઢું નારી એહ,
જોગી થઈ પછી ચાલ્યો તેહ.
કામાવતી કામાવતી કરે,
રાજા સઘળે જોતો ફરે.
કરણ કુંવર દુખ પામ્યો મન,

તે પણ રાજા સાથે ચાલ્યો તન.
એક જાણ્યું જેગી શાહને ફરે,
કામાવતીની શોધજ કરે.
જોતા જોતા ચાલ્યા જાય,
અન ઉદક વીણ્યું શર્ન છે કાય.
એ ફર્યા એટલેથી રહી,
કામાવતીની શી ગત ગઈ.

પુરવછાયો.

તસ્કરની સાથે કામાવતી, અશ્વ ઉપર જાય,
ચોર ના બોલે મુખથી, તવ મન ચિન્તા થાય.
જે મુજ વિના ક્ષણ નવ રહે, તે શે ન બોલે મુખ,
શક કંથ એ નહી માહારો, અબળા પામે દુખ.

ચોપાઈ.

દુઃખ ધરી મન બોલી શતી,
રીશ શી છે મુજ ઉપર પતી.
તમ વિના માશ ત્રણે મેં જાણ્યું,
અંનજળ સર્વ તજ્યું નીર્વાણ.
મુજ શું પ્રીત તમારે ઘણી,
મુજ સાથે નવ બોલો ધણી.
કાંઈ અપરાધ અમારો નથી,
મુજને કપટ કર્યું મહીપતી.

મુજ વિજોગે પામી શોક,
તુજ વિના આત બીજા લોક.
એમ બહુ વિનય કરે સુંદરી,
પણ મુખથી ચોર ન બોલે વળી.
એવે સુર્ય થયો પ્રકાશ,
રાણીએ તશ્કર દીઠો પાશ.
જોતાં કરણુ કુંવર નવ હોય,
દુખ ધરી રાણી બહુ રોય.
તવ તશ્કર બોલ્યો દુરમતી,
કાં મનમાં દુખ પામે શતી.
મુજ સરણો નહી પામે નાથ,
માન મુજ સત કરીને વાત.
જો હવે મુખથી બોલીશ ફરી,
તો તુજને મારી નાંખીશ સુંદરી.
બાળા સુખ પામીશ મારે ગામ,
ચાલો હવે આવ્યું મુજ ધામ.
તવ રાણી મંન કરે વિચાર,
આ ચરીત્ર કરૂ હવે સાર.
નહી તો એ મુજને મારશે શહી,
કુંવરના પ્રાણ જશે તહી.
એવું મન વિચારી નાર,

તસ્કર શું બોલી તેણીવાર.
જો હું તુજ ઘેર આવીશ આમ,
તો અહીંનો રાજા લેજાશે ધામ.
કહેશે નારી કોની લાવ્યો હરી,
રાજ ઘર સરખી એ સુંદરી.
તે માટે આપણુ આ પુર પાસ,
વાડીમાં ઉતરીએ આજ.
માટે પધારો તમો પુરમાં શાહી,
પેહેલી જાણુ કરો તમ ઘેર જઈ.
તાત માત તમારાં હોય,
તેમને વાત કરજો શોય.
કેહેજ્યો જે હું પરણ્યો આજ,
ચાલો કન્યા લેવા કાજ.
સરવ મળીને આવો આંય,
ઢોલ વાગતે જઇએ પુરમાંય.
વસ્ત્ર નવું લાવજો મુજકાજ,
જે ઘેર જઈ પેહેરૂં હું આજ.
એવું સુણી તસ્કર હર્ખે ન માય,
નચિંતે પુર ભણી ચાલ્યો જાય.
મનમાં જાણી સાચું એહ,
મન વિશ્વાસ રાખ્યો તેહ.

ઘોડયો જાએ શ્વાસ ભરાય,
ત્રણ કોશ ત્યાંથી પુર થાય.
જાતાં અદ્રષ્ટ થયો જેટલે,
અબળા અશ્વ ચડી તેટલે.
પાછો મારી મુક્યો તુરી,
પવન ગતે ચાલી સુંદરી.
પુર સપાટે ચાલી જાય,
ત્યાં વળી એક કૌતક થાયૂ.
સુપચંદ રાજાના તન,
રમે મૃગીઆ રમતા વન.
હંશ વચ્છ બેઉના છે નામ,
તેમણે ઝાલી તુરી લગામ.
સુર્ય છતાં જાણે પ્રગટયો શશી,
અબળા બેઉને મન વશી.
રૂપવંત દેખી તેનો દેહ,
માંહોમાંહે જુધ કરે તેહ.
વડો કુંવર કહે મુજ સ્ત્રી જાણ,
તારે ભાભી માત સમાન.
ત્યારે લઘુ મુખથી બોલ્યો વાણ,
એ સ્ત્રી મુજ તુજ પુત્રી સમાન.
એમ જુધ કરે બેઉ સાથ,

કામાવતીના મુકે નાહી હાથ.
પછી મન વિચારે છે શતી,
બુદ્ધી એકેમાં નથી રતી.

પુરવછાયો.

ત્યારે કામાવતી એમ કહે, તમે લડો નહી માંહોમાંય.
કહ્યું અમારૂં જો કરો, તો સુખ પામશો ત્યાંય.
લાવો ધનુષ્ય મુજ હાથમાં હું જે મુકું બાણ,
તે પેહલો લૈ આવે અહીં હું તેહની સ્ત્રી જાણ.
એવાં વાયેક સાંભળી, સુખ પામ્યા બેઉ ભ્રાત,
બાણ મુક્યું કામાવતી, ધનુષ્ય ધરીને હાથ.
બે દીશાએ બેશર જઈ પડ્યા વાટ વેગળે દુર,
પલવટ વાળી બેઉ જણા, ધાયા રણમાં સુર.
ત્યારે અશ્વ ઉપર સાધ્વી, બેઠી ત્યાં તત્કાળ;
લેજા મુજને ચાહીંઆં થકી, નવ લગાડીશ વાર.
વચન સુણીને અશ્વ તે, જલદી ચાલ્યો જાય,
પાંચ કોશ અંતર પડ્યું, રાજ પુત્ર કન્યાય.
એમ કરતાં રજની થઈ, પૂર આવ્યું એકજ સાર,
માલણ ઘેર જઈ ઉતરી, વાસો રહી ત્યાંહાં નાર.
પછી રાજ્ય પુત્ર પાછા વળ્યા, અબળા અર્થે જેહ,
તે મોહ પામીને જોગી થયા, કામાવતી કારણ તેહ.
ચોર ગયો છે પુરમાં વળી તે તસ્કર આવ્યો જાણ.

ઢોલ વાગતે સજન સહીત, આવ્યા વાડીમાં નિર્વાણ.
નવ દેખે ત્યાં સુંદરી મુર્છા પામ્યો ત્યાંય,
પછી જોગી ત્યાં તે થયો ગયો તશ્કર વનની માંય.
પાંચે જણ જોગી થયા બે રાજપૂત્ર એકરાય,
તસ્કર ચોથો દુરમતી વછો પાડ્યો જેણે કાય.
કરણ કુંવર તે પાંચમો, કામાવતીનોજ નાથ,
ચાલે વનમાં શોધતા, પાંચે જોગી સાથ.

ચોપાઈ.

પાંચે જણ દુખીઆ વન ફરે,
વળી કુંવર કાંઈ ભક્ષ નવ કરે.
જેને દુઃખ અભિંતર ઘણું,
કુંવર સુખ તજ્યું તે તણું.
પાંચે જોગી ચાલે સાથ,
અન્યોઅન્ય કરે દુખની વાત.
મોહ લાગ્યો સર્વેને સુંદરી,
નામ જુજવાં કહે શઠ્ઠ ધરી.
દેશપર દેશ શોધ્યા શહી,
તોપણ સ્ત્રી તે પામ્યા નહી.
ત્યાર પછી સાંભળજો ખરૂ,
કામાવતીએ એક કામજ કર્યું.
જેપુરમાં સુંદરી રહીતી રાત,

તતક્ષણ જાગીને થયો પ્રભાત.
પુરૂષ વેશ ધરીને કાય,
અશ્વ ચઢી પુર જોવા જાય.
મસ્તક તીલક કીધું સાર,
જાણે કોઈ છે રાજકુમાર.
સોળની વરસની સુંદર કાય,
જાણે છે કોઈ પૃથ્વીનો રાય.
કામ સુત એવું ધરીયું નામ,
કામાવતી સ્રીને દામ.
માલણ ઘેર ઉતરીયો જ્યાંય,
તેને સર્વગત પુછે ત્યાંય.
આ પુર કોણ કવણ મહીપતી,
વિસ્તારી કહો મારી વતી.
માલણ એ સૌ માંડી કહે,
અપુત્ર વંત રાજા રહે.
શોભણ નગર છે એનું નામ,
વીરસેન રાજા અભિધાન.
બુધરાજા છે સબળ મન ધીર,
રાજ કારભાર કાજીને શીર.
જે જ્યાં કરે તે ત્યાં થાય,
પોતે કાજ ના જાણે રાય.

પુરવછાયો.

કામ-સુત એવું સાંભળી, આનંદ અંગ ન માય.
કાજી ઘેર ચાલી ગયો જાણે કોઈ છે મોટો રાય,
દેખીતો નર રૂપ જસો રૂપ અદભુતનીજ કાય,
આવ્યો સભામાં જેટલે સૌ કો ઉભા થાય.
અંગ ચેહેન રાજા તણાં શોભા કહી નવ જાય,
માન દેઈ બેસાડીઓ, સભામાં તે રાય.
તારા તેજ સરખુ સદા, જાણે પ્રગટ્યો ભાણ.
સરવ સભા વિસ્મે થઈ, જાણે કોય રાજ સુજાણ.
બેઠો જઈ આશન વિષે કાજી ઉભો પાસ,
દાશ તણી પેઠે સૌ રહ્યા, આણી મન ઉલ્લાસ.
દીન વચન કાજી કહે હું નથી ઓળખતો નાથ,
તમો રાજપુત્ર કોણ દેશના, કોણ તમારો તાત.
એવું સુણી મુખ બોલીયો, સાંભળો કહું મુજ ધામ,
કનકપુરી પીતા કામશેન, કામ કુંવર મુજ નામ.
પીતા અમારો વન ગયો જોઈ બાત થયો રાય,
તે જાનો હું નીશરી આવ્યો છું અહીંઆંય.
આગત રાખો મુને, હું આવીશ તમારે કાજ,
રાજ ચલાવીશ રૂડી રીતથી, વળી વેરી કરીશ ધાજ.

ચોપાઈ.

એવું સુણીને કાજી ત્યાંય,

આનંદ પામ્યો હૃદીયા માંય,
કામ કુંવરને ઘેર લાવીઓ,
ચીત વિષે રળીઆતજ થયો.
કન્યા સુંદર હતી જેહ,
કુંવર સાથે પરણાવી તેહ.
રાજકારભાર સોંપ્યો આપ,
તે ઉપર કોના આણીશ.
સરવ લોક વશ કીધા જાણ,
ને સામું કો નવ બોલે વાણ.
લોક સરવને ગમતું મન,
જાણે રાજાનો એ તન.
ધંન બીજાનાં બહુ પેરે ભરે,
પ્રજાની તે બહુ રક્ષા કરે.
રાજાએ તે જાણી વાત,
મનમાં તે થયો રળીઆત.
તતક્ષણ કાજી તેડ્યો કને,
કામ કુંવર દેખાડો મને.
જેને લોક વખાણે ઘણું,
મુખ જોઉ તે કુંવર તણું.
એવું વચન તે કાજી સુણી,
કુંવર તેડ્યો રાજા ભણી.

ગજ ઉપર તે બેઠો સાહી,
નીશાન નાનાં ફરકે તહીં.
જોવા લોક મળ્યા ત્યાં બહુ,
કુંવર તેનેઈ સુખ પામ્યા સહુ.
અન્યો અન્ય એમ કરતા વાત,
પૂર્વે હશે એ પૃથ્વી નાથ.
અવર પુરૂષ એકો નર નથી,
અથવા હશે કોએ સૂરપતી.
રાજા કને ચાલ્યા જેણીવાર,
માર્ગમાં સર્વ વધાવે નાર.
એમ કરતાં પછી આવ્યા ત્યાંય,
સુરસેન રાજા બેઠા છે જ્યાંય.
કુંવરે ત્યાં જઈ કર્યા પ્રણામ,
રાજા મન પામ્યો અભીરામ.
નક્કી એ રાજ પુત્ર ત્યાં હશે,
નહીંકો પુરૂપ એ સમાન હશે.
એવું મન વિમાશી રાય,
લોક સર્વ તેડયા સભાય.
વણીક સર્વ તેડાવ્યા વળી,
સભા કરી ત્યાં સર્વે મળી.
સૌકોને પુછે માહારાજ,

હું રાજ કુંવરને આપું રાજ.
પુત્ર નથી કો મારે સહી,
રાજભાર એ રાખે અહી,
હવે હું વૃદ્ધ થયો છું દેહ,
આયુષ્ય તણું મૃત આવ્યું જેહ.
તે માટે માનો નીરધાર,
રાજ કુંવરને સોંપુ ભાર.
ત્યારે સર્વે ત્યાં બોલ્યા સહી,
છત્ર જોગ છે માનો સહી.
ભલી પેરે એ કરશે રાજ,
વિલંબ ના કીજે સ્વામી આજ.
એવાં વચન સુણી મહીપાળ,
રાજતીલક કીધું તતકાળ.
રાજ સોંપ્યું પોતે તેને સહી,
લોક સર્વ ખુશી થયા તહીં.
રાજ ઘેર એક કન્યા હતી.
અતિ સુંદર તે રામાવતી.
કુંવર સાથે પરણાવી તેહ,
રાજાને મન સબળો સ્નેહ.
સર્વે શીખ દેઈ તેને રાય,
રાજા આપ પોતે વન જાય.

પછી રાજ ત્યાં પામે સોય,
પણ આનું રૂપ ના જાણે કોય.
લોક સર્વને મન હર્ખ ન માય,
જઈ કુંવરને લાગ્યા પાય.

પુરવ છાયો.

એક સમે તે મોહોલમાં, કુંવર એકાંત હોય,
બંને સ્ત્રીઓ તેડાવી કને, મન વિચારી શોય.
તે પ્રતે મુખ બોલીઓ, કુંવર ચતુર સુજાણ,
હું ક્રીડા તમ શું નહીં કરૂં, એક વરસ નીરવાણ.
બ્રહ્મચાર્ય વ્રત છે માહરે, પુરણ થશે જે વાર,
ત્યાર પછી આપણ શહી ક્રીડા કરશું નાર.
ત્યાં લગી રખે સુંદરી કાંઈ વચન ન કહેશો મુજ,
નહીં તો મારે મરવું થશે સત કહું છું હું તુજ.
તવ રૂપવતી કાંમાવતી, બેહુ જણ બોલી મુખ,
પ્રભુ ગમે તેમ કીજીએ, જેથી ન પામો દુખ.
જો તમો શુરપર છો સહી, તો અમને સુખજ સોય,
શેવા કરશું તમ તણી, સુખ ભવિષ્યમાં જે હોય.
એમ સમજી બે નાર તે, રાજ કરે કાંમાવતી,
હવે કરણ કુંવર ક્યાં હશે, મંન વિચાર કરતી સતી.

ચોપાઈ.

કરણ કુંવર મારો ક્યાં હશે,

શો પરપંચ તે આવશે.
એ વિચાર કરે દીનરાત,
એણી પેરે માસ ગયા સાત.
પછી મન વિમાશી સાંય,
શો પ્રકાર કરૂં હવે આંય.
જેમ મને મારો પતી મળે,
તો પછી ચિન્તા સઘળી ટળે.
એવું મન વિચારે નાર,
ચીતારો તેડયો તેણીવાર.
ચીતારો આવ્યો જેટલે,
રાય એકાંત પુછે તેટલે.
મુજ સરખી એક નારી સોય,
રૂપવંત કંઈ લાંચ્છન નહોય.
તેવી ચીતરી આપો સહી,
તે માંને મુજમાં અંતર નહી.
એવી વાત સુણી મવ એવ,
લખી નાર એવી તતક્ષેવ.
કામાવતી જેવી અી શહી,
તેવી સુંદર કીધી પતહી.
તે પટ ચોડયો રાજ સભાય,
લોક સર્વે તે જોવા જાય.

કામાવતી તેનું પરઠ્યું નામ,
જોતાં સરવ પામે અભિરામ.
નગ્ર લોક વિમાસે સોય,
એવી નાર હશે તેને કોય.
તે માટે ચીત્રામણે લખી,
મોહ પામ્યો છે તે આ થકી.
એવી ગતી વિમાશે શોય,
પણ તે મરમ ન જાણે કોય.
વાત ચોદશ ચાલી તહી,
જોવા લોક ત્યાં મળીયા સહી.
પાંચે જણ જોગી છે જ્યાંહાં,
વાત સાંભળી તેમણે ત્યાંહાં.
કામાવતી જે સુંદર નાર,
શોભણપુરમાં છે નીરધાર.
તતક્ષણ પાંચે વેગે ગયા,
ચીત્રામણ જોવા આવીયા.
કામાવતી જેણે દીઠી હતી,
તેવી પ્રતક્ષ જાણે સતી.
પાંચે જોગી જોતા સાથ,
જોઈ ચીત્રામણ વળગી હાથ.
આવ્યો આન્ય કહે મારી નાર,

પાંચે જુદ્ધ કરે તે વાર.
હાહાકાર હવો છે ત્યાંય,
જાણી વાત રાજાએ જ્યાંય.
તતક્ષણ ઉઠી ચાલ્યો રાય,
પાંચે જણને જોવા જાય.
દીઠાં પાંચે પૂર્ણ હતાં જેહ,
તેમાં કરણ કુંવરની દેહ.
માહા દુખી તેને દીઠો જાત,
પાંચ માંહે છે મારો નાથ.
મન સાથે પ્રણામજ કરી,
તતક્ષણ તેડાવો તે સુંદરી.
કોણ રૂપ તમો જોગી આજ,
લટો છો કેમ આ કાજ.
એવી કાંણ તમારે હતી,
સાચુ કહો તે કયાં ગઈ સતી.

પુરવ છાયો.

એવાં વચન રાજાનાં સુણી, બોલ્યો કરણ કુમાર,
મુખ જોતાં વિસ્મે થયો, કરતો મન વિચાર.
એ સ્ત્રી છે નર નહી, કામાવતી જે રૂપ,
રાજ સ્ત્રીને ક્યાંહાં થકે, કાંકે ન પુછત ભુપ.
કુંવર એવી રીતે સોચતો, ચતુર શીરોમણ જેહ,

તવ કામાવતી મન ચીતવે, છે પતી મારો એહ.
નકી એને સંદેહ પડ્યો, દેખી માહારૂ રૂપ,
પછી સમીપ તેડી પુછીયું, કામ કુંવર જે ભૂપ.
સાચુ કહો તમો કોણ છો જોગી નહીં તું કોય,
એવી સ્ત્રી તારે ક્યાં હતી, જે દેખીને તમ રોય.

ચોપાઇ.

એવું સુણી તે કરણ કુમાર,
રાજા શું બોલ્યો તેણીવાર.
વાણીક પુત્ર હું ધનવંત હતો,
ઉદ્યમ રહીત હું પરદેશ જતો.
વાહાણ સાત હું ધન લાવ્યો ભરી.
આવ્યો જ્યાં ચંદ્રાવતી નગરી.
ત્યાંહાં ચીત્રાગદ ભૂપતી જેહ,
રાણીને વેચંતો તેહ.
કુંપ કનકથી આપ્યો ભરી,
કામાવતી લીધી સુંદરી.
શોભણપુર પાટણ જઈ રહ્યા,
પાંચ વરસ અમને વહી ગયા.
ત્યાં વસે વિરસેન રાજા જાણ,
તે સ્ત્રીને કપટ કર્યું નીરવાણ.
હું તે વિજોગે જોગી થઈ ફરૂં,

કામાવતીની શોધ્ય જ કરે.
રૂપ તમારૂં છે એવું વળી,
જાણે કામાવતી મુજને મળી.
એવાં વચન સાંભળીયાં એહ,
કામાવતી સુખ પામી તેહ.
સેવકને શીખામણ કહી,
એને મોહોલમાં લે જાઓ તહી.
એવાં વચન સાંભળીને સહી,
અનુચર લેઈ ચાલ્યા તહીં.
ભીતર મોહોલ વિષે લાવીયા,
અનુચર મુકી પાછા આવીયા.
સ્નાન શુભ રીતે કીધું કાજ,
આભુષણ વસ્ત્ર આપ્યાં રાજ.
કુંવરનું ત્યાં માન્યું મંન,
ઘણા દીવસ સેવ્યું છે વંન.
કુંવર એવું મનમાં ધરી,
દુઃખ ગયું સર્વે વીસરી.
પ્રેમ અતિષે મનમાં ધરી,
શરીરે શાતા સર્વે વળી.

પુરવછાયો.

પછી વિરસેન તેડાવીઓ, કપટ કર્યું ને રાય,

છત્ર આપી તેને મોકલ્યો, તે ઘણું બજવાયો રાજ.
પ્રજા પુત્ર પત્ની તાહેરી, તમારે પાળવ જાણુ.
તે ચૌદ લોકમાં સુખી હશો નહી તો દુર્જને હાણુ.
એવું કહી પુર મોકલ્યો, શેના આપી સાથ,
રાજ અપાવું તમતણું જે ગયું હતું પર હાથ.
પછી હંસ વચ્છ એ તેડાવીયા, જે બાંધવ રાજકુંમાર,
શીખામણ દેઈ મોકલ્યા, પોહોચાડયા નીજ વાર.
બે જઈ તેના તાતને, મળીઆ બેઉ રાજન,
રાજતણાં સુખ પામીયા, આનંદ વરત્યો મંન.
પછી ચોર તેડાવીઓ, બુધ આપી બહુ પેર,
આજ પછી જો એવું કરીશ તો દુઃખ પામીશ બહુ ઘેર.
અંબર આપી ચોરને વળાવ્યો તેણી વાર,
ચારે જણ સુખ પામીયા રાખ્યો ત્યાં કરણકુમાર.
એકાંતે જઈ કંથને, કીધો ડંડ પ્રણામ,
હડાડી ચાંપ્યા રૂદે, કરણ કુંવર તે ઠામ.
હરખ આંશુ છુટયાં પછી, રૂદન કરે બેહુ સાથ,
હ્રદયમાં ભીડીને ભેટતી, બાથ ભરાવી હાથ.
પછી નીએ થઈ કામાવતી, રૂપ થયું ત્રી કાય,
પૂર્વે જે સોભા હતી, કામાંવતી જે રાય.
ભક્ષ ભોજન કર્યા ત્યાંહાં સર્વે અણાવ્યું જેહ,
એકાંતે બેહુ જન રંમે કોઈ નવ જાણે તેહ.

વાત કરે બેઉ જણુ પછી, જેને વિત્યું જેહ,
હાસ્યવિનોદ કરી પછી સુખભર બેઠાં તેહ.
બેઉ નાર જે કામાવતી પેહેલાં પરણી જેહ,
તેડાવી તે નારને તે સાથે કરવા સ્નેહ.
કહ્યું અમારૂં કીજીએ દીધી શીખ બહુ પેર,
રાજ સુતા બેઉ જણાં કરજો લીલા લેહેર.

ચોપાઈ.

રાજ સુતા ત્યાં બોલી વાણ,
ધનધન તમ ચતુર સુજાણ.
અમને આજ્ઞા આપો જેહ,
તે પ્રમાણે કરશું તેહ.
એવું સુણી તે કામાવતી,
બોલી ધનધન તમો સતિ.
જેમ અવર ન જાણે કોય,
રાજ આપણું નીરભે હોય.
તે ગતી આપણે કીજે આજ,
તે પ્રમાણે કરીએ કાજ.
કરણ કુંવર અહીં આવ્યો જેહ,
સ્વામી અમારાં થાય છે તેહ.
હું નારી છું નર તણી,
કરણ કંથ એ મારો ધણી.
તતક્ષણ રૂપ બદલ્યું સાર,

ઓના ધરીઆ શણુગાર.
કરણ કુંવર પછી તેડયો ત્યાંહાં,
સુંદર મોહોલ એકાંતે જ્યાંહાં
રૂપ અદભૂત સોભે કાય,
જાણે કો પૃથ્વીનો રાય.
કામાવતીએ જોતાં તે ઠામ,
કરણ કુંવરને કર્યો પ્રણામ.
ત્રણે સ્ત્રી તવ લાગી પાય,
આનંદ તેને અંગ ન માય.
શણગાર ધરીને ઉભી ત્યાંય,
કુંવરને ચાંપ્યો રહ્યા માંય,
પ્રેમ સહીત દે આલીગંન,
ત્રણે સ્ત્રી સુખ પામી મન.
કરણ કુંવર પછી રાખ્યો ત્યાંય,
તે ભેદ ન જાણે પુર માંય.
કામાવતી સરખુ એનું રૂપ,
લોક સરવ જાણે એ ભૂપ.
ત્રીજે વર્ષે મળ્યાં નરનાર,
કોઇએ વાત ન જાણે બાહાર.
રાજ કરે આનંદે સોય,
લોક સરવને માહાસુખ હોય,

પ્રજાને પાળે બહુ પેર,
સદા કાળ ત્યાં સુખની લેર.
રાજ ભલી પેર ચલાવે શહી,
ક્ષમાવતીની બુદ્ધિએ રહી.
ખંડ દેશ થઈ કીર્તી ઘણી,
કરણ કુંવર પૃથ્વીનો ધણી.
કરણ જેવો દાતાર જે રાય,
મુખ શબ્દ કહે તે થાય.
કરણ કુંવર તે માટે નામ,
રૂપ બહુ શોભે મુખ ધામ.
રૂપવંતી ક્ષમાવતી જેહ,
કુંવર તણો મન સબળો સ્નેહ.
રાત દીવસ ત્યાં ક્રીડા કરે,
પતી ઉપર બહુ પ્રેમજ ધરે.
ક્ષમાવતી પટરાણી કરી,
પ્રાણ કુંવરના તે સુંદરી.
સ્ત્રીને પ્રેમ ઘણો પતી સાથ,
જે શું વાત કરે દીન રાત.
જો ક્ષણું કુંવર નવ દેખે દ્રષ્ટ,
અબળા પામે મનમાં કષ્ટ.
નવ પ્રાણ દેહ અળગા થાય,

પ્રાણવલ્લભ જાણે રામ.
એકવાર કામાવતી રંગ,
બેઠી પીયુ તણે ઉછંગ.
કંઠ અન્યો અન્ય ઘાલી હાથ,
નરનારી ચુંબન દેછે સાથ.
તવ કામાવતી કહે મુજ પ્રાણ,
તમ વિના દેહ છાંડુ નીર્વાણ.
મેં પ્રેમે પુંજ્યા હશે ઇશ,
તો તમ સરખા પતા મારે શીશ.
બાલપણે પુજતાં માત,
એક ચીત રાખ્યું હશે દીનરાત.
પ્રતક્ષ ફળ આપ્યું ભગવતી,
તે મુજને વેચી મહીપતી.
નહીં તો કેમ પામત હું તને,
કૃપા કીધી અંબાએ મુને.
વળી વર માગું છું નીરધાર,
જનમો જનમ તું મુજ ભરથાર.
હશી કુંવર મુખ બોલ્યો ત્યાંય,
મરમ વાત મુને કહોછો આંય.
અમને સમજાવો એમ કહી,
સ્ત્રી ચરીત્ર ના કરીએ અહીં.

સુરજ સરખા નવ લખ કુમાર,
તું રાજ સુતા રાજાની નાર.
તું સંગે કોઈ શોભે રાય,
વણીક પુત્ર તે કેમ પોસાય.
રાજ તણાં સુખ ગળાં જેહ,
ગુજથી સુખ કેમ પામે તેહ.
તે માટે અમને અહીં હસો,
ચીત્રાંગદ રાજા મનમાં વસ્યો.
તે શું ક્રીડા કરી બહુ હસે,
તે આગળ હું માણસ કશો.
એવું વચન તે કુંવર તણું,
કામાવતી દુઃખ પામી ઘણું.

પુરવછાયો.

કઠણ વચન સુણી કંથનું કામાવતી તે નાર,
મૂર્છાગત થઈ તતખેવ પડી અબળા ભોમી મોઝાર.
કરણ કુંવર એવું દેખતાં માહા દુઃખ પામ્યો કાજ,
હાથે ઉઠાડી અંગના ચાંપી રૂદીઆ માંય.
પણ તે નવ બોલે સુંદરી, દુઃખ અભીંતર થાય,
કુંવર મનાવે ત્યાંહાં વળી, લળી લળી લાગે પાય.
હસતાં વચન મેં કહ્યું તે દુખ પામી મંન,
એ અપરાધ અમારો પડ્યો, ક્ષમા કરજો મંન.

જાણું છું તું મુજ વિના, પલક ન રાખે પ્રાણ,
હસતાં એમ ના કીજીએ, તુજ તે મારી આણ.
ઉઠ આલિંગન દીજીએ મુજને દુ:ખ બહુ જાણ,
ગદ ગદ કંઠે કામની પાંપુ શું બોલી વાણ.
પ્રભુ જમે તેમ કહો મુને, આ પડી તમારે હાથ,
હું દાશી વણ મૂલની સદા તમારી સાથ.
કર્મ હીણુ છું કામની સુખી પામી આ કાય,
શેના મારી બાળપણે વિખાતા મારી માય.
નહી તો મુજને આવડા બોલ ન વાગત બાણ,
પ્રીત ઘણી તમ શું કરી, તમ જાણી ચતુર સુજાણ.

ચોપાઈ.

પ્રીત સબળ મે તમ શું કરી,
માત પીતા સૌને પરહરી.
રાજા વરસ રાજા ઘેર રહો,
મેં તો ક્રીડા કીધી નહી.
તમ વિના પુરૂષ ના દીઠો કોય,
તાત ભ્રાત સરખા સૌ હોય.
હું પતીવ્રતા નારી છું જાણ,
જે તમો કહો તે નીરવાણ.
કઠણ વચન તે મુજને કહ્યાં,
તે મેં કઈ પેરે જાએ સહ્યાં.

મેં તનમન સોંપ્યું તમારી સાથ,
તો એવાં વચન નવ ઘટે નાથ.
જે સ્ત્રી નર શું આણે પ્રીત,
એ કહીએ દુખણીની રીત.
પુરૂષ જાત કોઇના નવ હોય,
એવું કહી કામાવતી રોય.
હૈડું ફાટે મુખ શ્વાસ ભરાય,
પૃથ્વિ સાથ પછાડે કાય.
બહુ રૂદન કરે ઘરમાંય,
માથાની લટ તોડે ત્યાંય.
એવું જોઈ કરણ કુંમાર,
દુઃખ બહુ પામ્યો તેણી વાર.
રૂદય સાથે ચાંપી સુંદરી,
ચુંબન દેઈ કર કંઠે ધરી.
એમ ના કીજે કામાવતી,
હું તમને જાણું છું સતી.
મુજ તુજ પ્રીત પુરવની સહી,
તો આપણ બેહુ મળીઆં અહીં.
હસતાં વચન મેં કહ્યું" સોય,
તેમાં અબળા તમ શું રોય.
હું દુખવતી દેખું કાય,

મેં ક્ષણમાત્ર રહ્યું નવ જાય.
એવાં વચન સુણી પીયુ પાસ,
કામાવતી તવ કીધી હાસ.
રીસ ઉતરી તતક્ષણ સતી.
પીયુને રહ્યા સાથે ભીડતી.
કંઠ વળગીને બેઠા સોય,
નરનારીને પ્રેમ સબળો હોય.
ક્રીડા કરે બેહુ અનુદન,
પ્રેમ વાધ્યો નરનારી મન.
એવી રીતે સુખ પામે દીનરાત,
અી સુખ પામી તે સાથ,
જેવું દુઃખ હતું બેહુને મંન,
તેવું સુખ પામ્યાં બેહુ જંન.

પુરવછાયો.

કરણ કુંવર કામાવતી, નીત નીત નવલા રંગ,
અી ચરીત્ર ભણે સહી કામાવતીની સંગ.
ચોરાશી આસન તણા, રંગ રમે નરનાર,
ભોગ સઘળા ભોગવે ત્રણે રાજકુમાર.
એક સમે બેહુ જન રમે એકાંતે ઘરમાંય,
ક્રીડા કરતી કામની, વળી રોશ ભરાણી ત્યાંય.
કુંવર મનાવે તે નારને, વચન કહી બહુ પેર,

નથ માની ગઈ તે સુંદરી, તે ઇશ્વરની મેર.

ચોપાઈ.

એકવાર કુંવર ઘરમાંય,
માત પીતા સાંભરીયાં ત્યાંય.
કહે માહારાંની શી ગત હશે,
આહા દુઃખે દેહ છાંડશે.
તે દુઃખ મનમાં આણી કરી,
રાજ સુખ લીલા પરહરી.
અંન ઉદકને તજીયું ત્યાંય,
દુરબળ અંગ થયું જ્યાંય.
કામાવતી દુઃખ ધરે કાય,
અંતરમાં દુઃખ છે કાંઇ રાય.
પ્રીત દેખી પોતે આ વટે,
કુંવર દુઃખી શું કારણ ઘટે.
મનમાં દુઃખ ધરે અપાર,
તે કારણ પુછું આ વાર.
લાગ જોઈ પછી કામાવતી,
પીયુ સાથે બોલી ત્યાં સતી.

પુરવછાયો.

કામાવતી કહે પ્રાણપતી શું દુઃખ તમને આજ,
નીસાસો મુકો આવડા શું કરવાને દીન રાત.

સુખ સંપત્ત ભરપૂર છે, રાજ તમારૂ આ રાય,
ભય તમને કેનો નહી તવ ચીંતા શાની થાય.
તે કારણ કહો કંથજી મેં દુઃખ સહ્યું નવ જાય,
દુઃખ તમારૂં ભાગશે સ્વામી વૈકુંઠ રાય.

ચોપાઈ.

એવું સુણી કરણ -કુમાર,
રાણી શું બોલ્યો તેણી વાર.
સુણ વચન હું કહુંછું ખરાં,
માત પીતા મુજને સાંભર્યા.
તે દુઃખ મુજને પગટયું જાણ,
માત પીતા વીણ જાશે પ્રાણ.
તે દુખ મુજને સાલ્યું આજ,
માત પીતા મળવાને કાજ.
રંભા પુરીરાય રૂપ કુમાર,
તે પુરમાં વસતા નીરધાર.
કરમચંદ શાહા મારો તાત,
હંસાવતી છે મારી માત.
તે મુજ માત પીતા બહી જાણ,
વિયોગ દુઃખ સાલ્યું નીરવાણ.
જો તે માત પીતા મુજને મળે,
તો મારા મનનું દુઃખજ ટળે.

તવ કામાવતી બોલી વળી,
એ દુઃખે શું જાઓછો બળી.
માત પીતા તેડાવું આ ઠામ,
દુઃખ એક મોકલો તે ગામ.
એ ધાણુ બતાવ્યાં કુંવરે જેહ,
રંભાપુર નગર છે તેહ.
દુત રંભાપુર પોહચ્યો સહી,
પણ તે પુરમાં કો મળ્યું નહી.
દુત ફરીને આવ્યો ઘેર,
કામાવતીને કહી તે પેર.
રાય હું ગયો રંભાપુર સહી,
પણ તે નગરમાં કોઈ દીઠું નહી.
તપાસ કરતાં એવી વાત,
કાને સાંભળી મારી જાત.
પુત્ર વિજોગે માહા દુઃખ ધરી,
અહીંથી તે ગયા નીસરી.
અંન વિના થયાં દુખીયાં બહુ,
તે કારણથી પુર તજ્યું સહુ.
ભાગી નગ્ર લોક સર્વે ગયા,
કોઈ ગયાને કોઈ જોગી થયા.
એવાં વચન કુંવર સાંભળી,

પડયો મુર્છાગત ભોમી વળી.
સ્વામી ચિન્તા ન કરો આજ,
હું શોધી કાઢીશ માહારાજ.
આસના વાસના દીધી ખરી,
પછી વિચાર કરે સુંદરી.
ખોદવા માંડયું સરોવર સાર,
ચાકરી જે આપશે નરનાર.
તેને રાખી સોપે કામ,
સકળ લોક આવે તે ઠામ.
અન વસ્ત્ર તેને આપે સહી,
વાત ચોદશ ચાલી તહીં.
કરણ કુંવર સરોવર કરે,
લોક સરવ ત્યાં ઉદર ભરે.
તે માતપીતાએ સાંભળી વાત,
આવ્યાં બેઉ વહુ સંગાત.
રંભવતી તે કુંવરની નાર,
ગુણવંતી ભાભી અતિસાર.
રૂપાવતી માતાનું નામ,
ચારે જણ આવ્યા તે ઠામ.
સરોવર કામે આવે જેહ,
તેનાં નામ લખાવે તેહ.

સખનારને કીધો પ્રણામ,
સ્વામી અમને સોંપો કામ.
અંન આપી અમોને રાખો અહી,
જે કહેશો તે કરશું સહી.
એવું સુણી પરધાન એવ,
ચારે નામ લખીયાં તતખેવ.
અંન વસ્ત્ર આપી તે ઠામ,
સોંપ્યું સરોવર ચણવાનું કામ.
નીશા સમે પરધાને જઈ,
રાજાને સઘળી ગતી કહી.

પુરવછાયો.

સાંભળ તું પૃથ્વી પતી સરોવર સુંદર થાય,
દેશદેશના લોક બહુ સહુ ભરાયા જાય.
આજ ચાર જણ આવીયાં રંભાપૂરથી જાણ,
ત્રણ નાર એક પુરૂષ છે વણીક પુત્ર નીર્વાણ.
કરમચંદશા પુરૂષ છે, હસાવતી તે નાર,
પુઠે બેઠી સાધવી, એક સવાસણ નાર.
નામ ઠામ સર્વે કહ્યાં તવ સુખ પામ્યો રાય,
એ માત પીતા સહી માહેરાં આનંદ અંગ નમાય.
જા સેવક તે સરવને, ભોજન વિષે લેજાવ,
અંન વસ્ત્ર આપી કરી, પછી તું મુજને કહાવ.

લાં કરમચંદને હંસાવતી, બંને આવ્યાં સંગાત,
મોહોલ વિષે તેડી ગયા, જ્યાં કહ્યું હતું નરનાથ.
સ્નાન કરાવી તેહને વસ્ત્ર ધરાવ્યાં કાય,
તતક્ષણ જાણ કર્યું પછી, પરધાને જ્યાં રાય.
કરણ કુંવર એવું સાંભળી, હૈડે હર્ખ ન માય,
માત પીતાને નીરખવા, ઉઠી તતક્ષણ જાય.

ચોપાઈ.

તતક્ષણ ઉઠી જોયું ત્યાંય,
એકાંતે રાજા બેઠો છે જ્યાંય.
જેમ લોક ન જાણે કોય,
તતક્ષણ રાજા ચાલ્યો સોય.
કામાવતી સંગે સુંદરી,
હાથ કુંવરને કંઠે ધરી.
રૂપવતી રામાવતી જેહ,
આગળ પાછળ શોભે તેહ.
સત દાસી સાથે રાય,
માત પીતાને જોવા જાય,
સકલ નાર સાથે પરવરી,
કરણ કુંવર જોવા સાંચરી.
કાઇએ લીધા છે ફળપાન,
કોઇ અંબર કરે સાજન.

કોઈ વેણા વગાડે હાથ,
મધુર શબ્દે ગાએ સાથ.
એવી રીતે કરણ કુંવર રાય,
માત પીતાને જોવા જાય,
માત પીતા દીઠાં જેટલે.
કુંવર હરખ પામ્યો તેટલે.
માત પીતા ની બાળકી જેહ,
સરત ઓળખ્યાં કુંવરે તેહ.
તે પાસે જઈ પુછી વાત,
કહો તમે કેમ આવ્યાં હાત.
કોણ ગામ નામ તમતણું,
દુઃખી તમો દીસો છો ઘણું.
એવું સુણી તવ બોલ્યા વાણ,
અમો વણીક જાત છીએ રાજન.
બાગુચદશાહ મારૂં નામ,
રંભાપુર પાટણ મારૂં ગામ.
આ વહુ બેહુ મારી હોય,
વડો પુત્ર મૃત પામ્યો સોય.
કરણ કુંવર લઘુ બાળક જેહ,
મેં પરદેશ મોકલીયો તેહ.
બાર વરસ થયાં આવ્યો નથી,

આ ગુણવંતી તેની સતી.
પૂર્વે પાપ અમારૂં હશે,
નહીતો પુત્ર કેમ મેલી જશે.
અમારી દૈવે ત્રોડી આશ,
એવું કહીને મેલ્યો નિશ્વાસ.
કરણ કુંવર જોઈ હંસાવતી,
ધાંટે રૂદન કરે તવ રાતી.
હૈયું ફાટે મુખ શ્વાસ ન માય,
તેમ તેમ હંસાવતી રોતી જાય.
કરણ કુંવર તવ બોલ્યો મુખ,
કાં બાઈ મનમાં પામો દુઃખ.
કહો સાચું તમો મુજને આજ,
તમારૂં દુઃખ ભાગશે માહારાજ.
હંસાવતી તવ બોલી વાણ,
કહેતાં હૈડું ફાટે જાણ.
લક્ષણ કરણ કુંવરની કાય,
તમ સરખો તે હતો રાય,
રૂપ કળા ગુણ કુંવર તણો,
તે સરવ દીસે તમમાં ઘણો.
તે માટે સત માનો ખરો,
તમને દેખી સુત સાંભર્યો.

એવાં વચન સુણી મહીપાળ,
ગદગદ કંઠ થયો તતકાળ.
જઈ ચરણે લાગ્યો રાજન,
તવ માતાને વાધ્યો આનંદ.
હૃદય ફાટતે ભેટ્યો રાય,
તમો ખરૂ રૂદન કરો છો માય.
હું માતા તારો સુત જાણ,
કરણ કુંવર માનો નીરવાણ.
પીતા તણી પરદક્ષણા કરી,
આલિંઘન દીધુ સુખ ભરી.
હરખે આંસુ છુટે કાય,
જઈ ભાભીને ભેટ્યો રાય.
આલીંધન દેઈ બોલ્યા હસી,
તું ભાભી મુજ માત જશી.
પછી ગુણવંતી સ્ત્રી તેઉતે ઠામ,
પ્રેમ દ્રષ્ટે જોઈ કર્યો પ્રણામ.
એવું દેખીને કામાવતી,
સાસુને પાય લાગી, સતી.
હંસાવતીએ દીધી આશીષ,
પીતા ભણી જૈ નમાવ્યું શીશ.
પછી જેઠાણીને લાગી પાય,

કુશળ ખેમ પુછે માંહોમાંય.
વડી શોક ગુણવંતી જેહ,
સહુ મધે પટરાણી તેહ.
ત્રણે સ્ત્રી તેને લાગી પાય,
પટરાણી કીધાં જ્યાં રાય.

પુરવછાયો.

પ્રથમ નાર જે ગુણવંતી કરણ કુંવરની જેહ,
તેને કામાવતી આદે દઈ સૌ ચર્ણે લાગી તેહ.
પટરાણી તેને કરી, ચારે વલ્લભ નાર,
ક્રીડા મન ગમતી કરે નીત નીત કરણ કુમાર.
પછી માત પીતાને સોંપીયું રાજ કરણ ભંડાર,
કરણ કુંવર શેવા કરે માત પીતાની સાર.
રાજ સિંહાસન તાતને બેસાડયા પછી રાય,
ભાયચંદ રાજા તણી આણ ફરે પુર માંય.
ચારે સ્ત્રી શેવા કરે સુખ પામે સરવે કાય,
માત પીતાને પુંજતાં આનંદ અંગ ન માય.
આ કામાવતી જે નાર તે છે, તે રાજ સુતા છે જાણ.
સુખ પામ્યો હું એ થકી સત માનજો નીર્વાણ,
પછી ભાણચંદ હંસાવતી પ્રેમ ધરે એ સાથ,
કામાવતી વલ્લભ ઘણું સેવા કરે દીન રાત.

ચોપાઈ.

સેવા કરે કામાવતી,
પ્રેમ રાખજો મન આણે સતી.
સાસુ સસરાના પુંજે પાય,
ત્યારે વહુને હર્ખ ન માય.
પંદર વરશે ટળ્યો વિજોગ,
સર્વે એકઠા થયાં સંજોગ.
દુઃખ ભાગ્યું સરવની કાય,
કૃપા કરી જ્યાં વૈકુંઠ રાય.
એ કામાવતી ચરીત્ર જે ગાય,
સાંભળતાં સુખ પામે કાય.
તેને કહીએ વિજોગ ના પડે,
સુખ સંપત દુહોન વિસ્તરે.
નીત નીત નવલા પામે ભોગ,
સદાકાળ નહીં તેને વિજોગ.
શ્રોતા જનની પોંચે આસ,
પરમ પદ પામે વિલાસ.
જૈન શાસ્ત્ર વિષે એ કથા,
તે પ્રમાણે કહી છે જથા.

કહે સીવદાસ આનંદ કરી,
કૃપા કરો સહુને શ્રીહરી.

ઇતિ શ્રી ચોટામાં
વેચાયલી કામાવતીની
વાર્તા સંપૂર્ણ.